અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જુલાઈ ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૮
વર્ષ : ૧૭
અંક : ૧૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## બેંગલુરુ ભાગદોડ કેસમાં કર્ણાટક સરકારે હાઈકોર્ટને સોંપ્યો રિપોર્ટ

### આ રિપોર્ટમાં ગંભીર બેદરકારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે : સમગ્ર ઘટનામાં ટીમના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીનું નામ પણ સામે આવ્યું છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૭ ।

કર્ણાટક સરકારે બેંગલુરુમાં આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની જીતની ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડ અંગે હાઈકોર્ટમાં વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલમાં સરકારે ભાગદોડ માટે આરસીબીને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવી છે. તેમાં ટીમના અનુભવી ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કર્ણાટક સરકારે કહ્યું હતું છે કે આરસીબીએ વિજય ઉજવણી માટે પરવાનગી લીધી ન હતી, તેણે ફક્ત સૂચના આપી હતી. રિપોર્ટમાં ગંભીર બેદરકારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ૪ જૂને ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી ભાગદોડ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું હતું. આરસીબીએ અચાનક પોલીસની પરવાનગી વિના સોશિયલ મીડિયા પર વિજય પરેડનું આયોજન કરવાની જાહેરાત કરી હતી, જેના કારણે લાખો લોકો સ્ટેડિયમની બહાર એકઠા થયા હતા. ભાગદોડ દરમિયાન ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કર્ણાટક સરકારે રિપોર્ટમાં કહ્યું હતું કે વિજય પરેડ દરમિયાન ઘણી બેદરકારી થઈ છે અને કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી. આ કાર્યક્રમનું આયોજન કરતી કંપની ડીએનએ નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડે ૩ જૂને જ પોલીસને જાણ કરી હતી, પરંતુ ૨૦૦૯ના આદેશ મુજબ પરવાનગી લીધી ન હતી. કોઈપણ ઘટના ન બને તે માટે પોલીસે મર્યાદિત કાર્યક્રમ માટે પરવાનગી આપી હતી પરંતુ અપેક્ષા કરતાં વધુ લોકો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કોહલી ટીમનો અનુભવી ખેલાડી છે અને તે આરસીબીનો ચહેરો પણ છે. સરકારે હાઈકોર્ટમાં સુપરત કરેલા રિપોર્ટમાં વિરાટ કોહલીનો ઉલ્લેખ છે. સરકારે કહ્યું હતું કે આરસીબીએ ૪ જૂને એક જાહેર કાર્યક્રમને પ્રમોટ કરવા માટે સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીનો એક વીડિયો શેર કર્યો હતો. વીડિયો દ્વારા કોહલીએ ચાહકોને કાર્યક્રમમાં મફતમાં હાજરી આપવા કહ્યું હતું.



#### RCB એ ૪ જૂને સોશિયલ મીડિયા પર જાહેરમાં ઇવેન્ટનો પ્રચાર કર્યો હતો

ઇવેન્ટ આયોજક ડીએનએ નેટવર્ક્સ પ્રાઇવેટ લિમિટેડે ફક્ત ૩ જૂને પોલીસને જાણ કરી હતી પરંતુ ૨૦૦૯ના આદેશ મુજબ જરૂરી પરવાનગી લીધી ન હતી. આ કારણે પોલીસે મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો. છતાં ઇઝ્મ એ ૪ જૂને સોશિયલ મીડિયા પર જાહેરમાં ઇવેન્ટનો પ્રચાર કર્યો હતો. વિરાટ કોહલીએ એક વીડિયોમાં ચાહકોને આવવાની અપીલ કરી હતી. ઇવેન્ટમાં ભીડ અપેક્ષા કરતા ઘણી વધારે હતી જેના કારણે સિસ્ટમ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હતી.

### ઇરાકમાં શોપિંગ મોલમાં લાગી ભીષણ આગ, ૫૦ લોકોના મોત

। નવી દિલ્હી, તા.૧૭ ।

ઈરાકના એક શોપિંગ મોલમાં ભીષણ આગ લાગવાને કારણે ૫૦ લોકોના મોત થયા છે. ન્યૂઝ એજન્સી AFP પ્રમાણે દાવો કરવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ઈરાકની અલ-કુટની એક સુપરમાર્કેટમાં થઈ છે. વાયરલ તસવીરોમાં જોઈ શકાય છે કે ઈમારતના મોટા ભાગમાં આગ લાગી છે અને ધૂમાડો જોવા મળી રહ્યો છે. દુર્ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે.

#### નીતિશ કુમારની ચૂંટણીલક્ષી મોટી જાહેરાત

### બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરાઈ

**કુટીર જ્યોતિ યોજના હેઠળ, રાજ્ય સરકાર અત્યંત ગરીબ પરિવારો માટે સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે**

। (એજન્સી) પટના, તા.૧૭ ।

બિહારમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પહેલા નીતિશ સરકારે રાજ્યના વીજ ગ્રાહકોને મોટી રાહત આપી છે. બિહારમાં ૧૨૫ યુનિટ મફત વીજળીની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના સત્તાવાર એકાઉન્ટ એક્સ પર આ વિશે માહિતી આપી છે. મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યું કે, આપણે શરુઆતથી જ સસ્તા ભાવે વીજળી ઉત્પન્ન કરી રહ્યા છીએ. હવે અમે નક્કી કરી લીધું છે કે, પહેલી ઑગસ્ટ, ૨૦૨૫થી રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોની સંમતિ લીધા પછી, તેમને તેમના ઘરોની છત પર અથવા નજીકના જાહેર સ્થળોએ સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને લાભ આપવામાં આવશે.

#### સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું

### યુએસના અલાસ્કામાં ૭.૩ની તીવ્રતાનો વિનાશકારી ભૂંકપ આવ્યો

। (એજન્સી) અલાસ્કા, તા.૧૭ ।

અમેરિકાઃ વિશ્વમાં ભૂકંપની ઘટનાઓ વધી રહી છે. અમેરિકાના અલાસ્કા દ્વીપકલ્પમાં મોડી રાત્રે જોરદાર ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૩ની માપવામાં આવી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, આ ભૂકંપના અલાસ્કા દ્વીપકલ્પના વચ્ચે આવેલા પોપોફ દ્વીપ પર સેન્ડ પોઈન્ટપાસે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદ દરિયામાં આશરે ૩૬ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. મહત્વની વાત એ છે કે, આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે, અલાસ્કામાં અત્યારે સુનામીની ચેતવણી આપી દેવામાં આવી છે.અલાસ્કામાં આવેલો ભૂકંપ ભારતીય સમય પ્રમાણે રાત્રે ૨.૭ વાગ્યે આવ્યો હતો. જે અમેરિકાના સમય પ્રમાણે વાત કરવામાં આવે તો, બપોર ૧૨.૩૦ વાગ્યો આવ્યો હતો. અમેરિકામાં ભરબપોરે જોકદાર ભૂકંપ આવ્યો હોવાથી લોકો ડરીને ઘરની બહાર આવી ગયાં હતાં. મિશિગન ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ આપેલી વિગતો પ્રમાણે ૭થી ૮ થી તીવ્રતાનો ભૂકંપ વિનાશકારી અને ભારે તબાહી મચાવે તેવો સાબિત થયાં છે. એટલા માટે અલાસ્કા દ્વીપના આસપાસના વિસ્તારોમાં સુનામીની ચેતવણી આપવામાં આવી છે. ભૂકંપ આવ્યાંના એક કલાક પછી ચેતવણીને એલર્ટમાં બદલી નાખવામાં આવી હતી.

#### ફિહાલ સમગ્ર વિસ્તારમાં તણાવભર્યો માહોલ છે

### બાંગ્લાદેશમાં ફરી રાજકીય હિંસા ભડકી! શેખ હસીનાના વતનમાં ચારના મોત

**બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે આ હિંસા માટે આવામી લીગને જવાબદાર ઠેરવી છે**

। (એજન્સી) ઢાકા, તા.૧૭ ।

ગત વર્ષે બાંગ્લાદેશમાં વિદ્યાર્થી અંદોલન બાદ દેશભરમાં વ્યાપક હિંસા થઈ હતી, તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાના રાજીનામાં બાદ હાલ મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકાર સાશન ચલાવી રહી છે. ઘણા મહિનાઓની શાંતિ બાદ બાંગ્લાદેશમાં ફરી એકવાર રાજકીય હિંસાનો બનાવ બન્યો છે. ગઈ કાલે બુધવારે ગોપાલગંજ શહેરમાં નેશનલ સિટીઝન પાર્ટી (NCP)ની જાહેર રેલીમાં હિંસા ફાટી નીકળી હતી, આ દરમિયાન થયેલી અથડામણોમાં ચાર લોકોના મોત થયા હોવાના અહેવાલ છે અને ૯ લોકો ઘાયલ થયા છે.નોંધનીય છે કે ગોપાલગંજ પૂર્વ વડા પ્રધાન શેખ હસીના અને તેમના પિતા શેખ મુજીબુર રહેમાનનું વતન છે.



# ખાદ્યતેલના ભાવમાં ભડકો, સિંગતેલ ૨,૫૦૦ રૂપિયા ડબ્બો

**। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।**

તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે, પરંતુ આ ખુશીના માહોલમાં ગૃહિણીઓ અને સામાન્ય લોકો માટે મોંઘવારીનો નવો માર પડ્યો છે. બજારમાં ખાદ્યતેલના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડી રહી છે.

ખાસ કરીને સિંગતેલના ભાવમાં ૭૦થી ૧૦૦ રૂપિયાની તેજી નોંધાઈ છે, જ્યારે કપાસિયા તેલ અને પામઓઈલના ભાવમાં પણ વધારો થયો છે. જન્માષ્ટમી અને દિવાળી જેવા તહેવારો નજીક આવતાં આ ભાવવધારો ગૃહિણીઓનું બજેટ ખોરવી રહ્યું છે.

વેપારીઓના જણાવ્યા પ્રમાણે, સિંગતેલના ભાવમાં વધારો કોઈ આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક મોટા કારણ વગર થયો નથી, પરંતુ મગફળી અને કપાસની ઓછી આવક આ વધારા માટે જવાબદાર છે. વરસાદી સિઝનને કારણે તેલીબિયાંના પાકોને નુકસાન થયું છે, જેના પરિણામે બજારમાં કાચા માલની આવક ઘટી છે. માંગની સરખામણીએ પુરવઠો ઓછો હોવાથી ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. તેલના વેપારી કિરીટભાઈ શાહે જણાવ્યું કે, હાલમાં સિંગતેલનો ડબ્બો ૨,૪૭૫થી ૨,૫૦૦ રૂપિયાની આસપાસ છે, જે ગયા અઠવાડિયાની સરખામણીએ ૭૦ રૂપિયાથી વધુ ઊંચો છે. કપાસિયા તેલનો ડબ્બો ૨,૩૦૦થી ૨,૩૫૦ રૂપિયા અને પામઓઈલનો ડબ્બો ૨,૦૦૦થી ૨,૦૨૦ રૂપિયાની રેન્જમાં છે. છેલ્લા ૧૫ દિવસમાં સિંગતેલમાં ૭૦ રૂપિયા, કપાસિયા તેલમાં ૮૦થી ૧૦૦ રૂપિયા અને પામઓઈલમાં ૫૦થી ૬૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. વેપારીઓનું માનવું છે કે, આગામી દિવસોમાં આયાતી તેલોના ભાવમાં પણ વધારો થઈ શકે છે, જેની અસર દેશી તેલોના ભાવ પર પણ પડશે. સરકાર દ્વારા આયાતી તેલો પર ડ્યુટી વધારવાની વિચારણા ચાલી રહી છે, જેના કારણે પામઓઈલ અને અન્ય આયાતી તેલોના ભાવમાં ઉછાળો આવી શકે છે. આ સ્થિતિમાં તહેવારોની સિઝનમાં ખાદ્યતેલના ભાવ હજુ વધુ વધવાની શક્યતા છે, જે ગૃહિણીઓ અને ફરસાણના વેપારીઓ માટે ચિંતાનો વિષય બની રહેશે.

ગણેશ ઉત્સવ, શ્રાદ્ધપક્ષ અને નવરાત્રી જેવા તહેવારો નજીક આવી રહ્યા છે, અને આ સમયે ગુજરાતી રસોઈમાં ખાદ્યતેલનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. સિંગતેલ અને કપાસિયા તેલનો ઉપયોગ ઘરેલું રસોઈથી લઈને ફરસાણના વેપારમાં વ્યાપકપણે થાય છે. ભાવવધારાને કારણે ગૃહિણીઓને રસોઈનો સ્વાદ જાળવવામાં મુશ્કેલી પડી શકે છે, જ્યારે ફરસાણના વેપારીઓને પણ ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની ચિંતા સતાવી રહી છે.

### ગોત્રી સેવાસી સિંધરોટ રોડનો કાયાકલ્પ

# વરસાદથી ધોવાતા ૬ કિ.મીના પટ્ટા પર રૂ.૨૮ કરોડના ખર્ચે વ્હાઈટ ટોપિંગ કરાયું

## લાંબા ગાળાના નિવારણ અને ટકાઉપણાને ધ્યાનમાં રાખીને ૫.૯૫ કિ.મી આશરે છ કિમીના વ્હાઈટ ટોપિંગ રોડની કામગીરી હાથ ધરવામાં આવી

**। (માહિતી) વડોદરા, તા.૧૭ ।**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી હાઈવે અને ગ્રામીણ તથા શહેરી માર્ગોને જ્યાં નુકસાન થયેલું છે, ત્યાં યુદ્ધના ધોરણે રિપેરિંગ કરીને રસ્તાઓ પૂર્વવત્ બનાવવા તાકીદ કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યના જિલ્લાઓમાં રસ્તા, અંડરબ્રિજ, વોટર લોગિંગ સંબંધિત સમસ્યાઓના લાંબાગાળાના નિવારણના ઉપાયો હાથ ધરવા માટે પણ વહીવટી તંત્ર તથા માર્ગ અને મકાન વિભાગને દિશાનિર્દેશો આપ્યા છે.વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા ગોત્રી સેવાસી સિંધરોટ રોડ પર આશરે છ કિલોમીટરનો એવો પટ્ટો હતો, જે ભૌગોલિક સ્થાનને લીધે વરસાદી પાણી ભરાવાથી દર વર્ષે ક્ષતિગ્રસ્ત થતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે આ પટ્ટાને વ્હાઈટ ટોપિંગ પદ્ધતિથી નવનિર્મિત કરવાનો નિર્ણય લેવાયો. લાંબા ગાળાના નિવારણ અને ટકાઉપણાને ધ્યાનમાં રાખીને ૫.૯૫ કિ.મી આશરે છ કિમીના વ્હાઈટ ટોપિંગ રોડની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે હાલમાં પૂર્ણતાના આરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોત્રી સેવાસી સિંધરોટ રોડ વડોદરા અને આણંદને જોડતો રાજ્ય ધોરી માર્ગ કક્ષાનો અગત્યનો માર્ગ છે. આ માર્ગ પર રસ્તાની કુલ ૭.૪ કિમી લંબાઈ પૈકી ૫.૯૫ કિમી લંબાઈમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણી ભરવાના (વોટર લોગીંગ) કારણે ડામરની સપાટીને ચોમાસામાં અવારનવાર નુકસાન થતું હતું.

ચોમાસામા પાણી ભરાવાથી વારંવાર સપાટીને નુકસાન ન થાય તે માટે તથા રાહદારીઓને પડતી અગવડતા દૂર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૫.૯૫ કિમી લંબાઈના પટ્ટા પર વ્હાઈટ ટોપિંગ ટેકનોલોજીથી સી.સી.રોડ બનાવવાનું નક્કી કરાવમાં આવ્યું હતું. સામાન્ય રીતે ગુણવત્તાયુક્ત અને સઘન દેખરેખ સાથે થયેલ ડામર રોડમાં પણ ડામર અને પાણીના ભેગા થવાથી ડામર સપાટી ખરાબ થતી હોય છે અને રસ્તા પર પેચ/ખાડા પડે છે. જેની તુલનામાં વ્હાઈટ ટોપિંગ તકનીકથી કરેલ કામગીરીમાં પેચની સમસ્યા સર્જાવાની શક્યતા અત્યંત નહિવત છે.

### કચ્છ જિલ્લો ૫૮.૪૬% સાથે મોખરે

# ગુજરાત રાજ્યમાં મોસમનો ૫૧.૦૯% વરસાદ નોંધાયો

## દક્ષિણ ગુજરાતમાં ૫૫.૧૯% વરસાદ ખાબક્યો છે જ્યારે સૌથી ઓછો ઉત્તર ગુજરાતમાં ૪૮.૦૧% સરેરાશ વરસાદ

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।**

ગુજરાતમાં મે મહિનાથી જ ધોધમાર વરસાદની શરુઆત થઈ ગઈ હતી. આ પછી જૂન મહિનામાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અસર કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું. જ્યારે હવે જુલાઈ મહિનાની શરુઆતથી મેઘરાજાએ જાણે બ્રેક લીધો હોય તેવી સ્થિતિ છે, ત્યારે રાજ્યના છૂટાછવાયા સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. જેમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ ૫૧.૦૯% વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૫૮.૪૬% વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં ૫૫.૧૯% વરસાદ ખાબક્યો છે. જ્યારે સૌથી ઓછો ઉત્તર ગુજરાતમાં ૪૮.૦૧% સરેરાશ વરસાદ નોંધાયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લામાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં આજે (૧૬ જુલાઈ) સવારે ૦૬ વાગ્યા સુધીમાં એકંદરે ૪૫૦.૫૫ મિ.મી. વરસાદ નોંધાયો છે. જે સરેરાશ વરસાદની સામે ૫૧.૦૯% જેટલો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૯ તાલુકામાં ૨૫૧-૫૦૦ મિ.મી, ૪૫ તાલુકામાં ૫૦૧-૧૦૦૦ મિ.મી. અને ૧૮ તાલુકામાં ૧૦૦૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો છે.

# રાજ્યમાં નર્મદા કેનાલ પરના ૩૬ પુલોને તાત્કાલિક બંધ કરવા આદેશ

## ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલના સમારકામની કામગીરી શરૂ

**। (એજન્સી) નર્મદા, તા.૧૭ ।**

ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલના મરામત-સમારકામની કામગીરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ બાદ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા આગમચેતીના ભાગરૂપે રાજ્યના વિશાળ નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત વિવિધ પુલની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરવામાં આવી છે અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી છે. ૩૬ પુલને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સૂચના આપવામાં આવી છે, જ્યારે ૫ પુલને સંપૂર્ણપણે બંધ કરાયા છે અને ૪ પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અહેવાલ મુજબ, ગુજરાતમાં ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઈ વિસ્તારને આવરી લેતું આશરે ૬૯,૦૦૦ કિ.મી. લાંબુ નર્મદા કેનાલ નેટવર્ક ઉપલબ્ધ છે. આ કેનાલ નેટવર્ક પરથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો અને ગામડાના માર્ગોને જોડતાં આશરે ૨,૧૧૦ જેટલા પુલ કાર્યરત છે. આ પુલની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા, સંભવિત ક્ષતિઓને અટકાવવા તેમજ પુલના આયુષ્યને લંબાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ તમામ પુલનું વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ અભિયાનના તારણના આધારે, ટ્રાફિક માટે જોખમી જણાઈ આવેલા કુલ ૫ પુલને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે. પુલની વાહક અને ભાર ક્ષમતાના આધારે અન્ય ૪ પુલને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ પુલને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે, નર્મદા કેનાલ પર સ્થિત બાકીના ૨,૦૬૫ નાના-મોટા પુલની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંબંધિત ક્ષેત્રીય કચેરીઓને સૂચના આપવામાં આવી છે.

કયા પુલ સંપૂર્ણપણે બંધ કરાયા

મોરબી જિલ્લામાં માળિયા બ્રાંચ કેનાલ પર અજીતગઢ અને ઘંટીલા ગામને જોડતા રોડ પર સ્થિત પુલ. મોરબી જિલ્લામાં નેશનલ હાઈવે ૧૫૧ અને મચ્છુ નદી વચ્ચે માળિયા બ્રાંચ કેનાલ પર સ્થિત પુલ. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર તાલુકાના ઢાંકી-છારદ ગામ પાસે સ્થિત પુલ. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર-વણા ગામ પાસે સ્થિત પુલ.

### ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકની રચના કરાઈ

# ગુજરાત સરકારે નવી નવ મનપામાં સીમાંકન કર્યું જાહેર

## રાજ્યમાં નવેમ્બર અથવા ડિસેમ્બરમાં મહાનગરપાલિકાની ચૂંટણી યોજાવાની સંભાવના છે જેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।**

રાજ્ય સરકારે નવરચિત નવ મહાનગરપાલિકાઓનું સીમાંકન જાહેર કર્યું છે. નવી ઘોષિત થયેલ તમામ ૯ મનપામાં ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકોનું ગઠન કરવામાં આવ્યું છે. જૂની ૬ અને નવી ૯ મળી કુલ ૧૫ મહાનગર પાલિકાઓની ચૂંટણી યોજાશે, જેમાં લાખો મતદારો પોતાનો પ્રતિનિધિ પસંદ કરશે. રાજકીય દ્રષ્ટિએ મહત્વ ધરાવતી મનપા ચૂંટણી માટે વિવિધ રાજકીય પક્ષોએ તૈયારી શરૂ કરી દીધી છે. શહેરોના વિકાસ અને વસ્તીજના વિસ્તારને ધ્યાનમાં રાખી આસપાસના વિસ્તારોને સમાવિષ્ટ કરીને સીમાંકન નક્કી કરાયું છે, જ્યારે નવા શહેરો નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર અને વાપી મહાનગરપાલિકા તરીકે ઘોષિત થયા છે, ત્યારે નડિયાદ, મહેસાણા, આણંદ, ગાંધીધામ અને મોરબીને પણ મનપા તરીકે રજૂ કરીને તેનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે.

### બીજો તબક્કો ૧ ઓગસ્ટથી થશે શરૂ

# મેલેરિયા સંવેદનશીલ ૧૯૬ ગામમાં જંતુનાશક દવાઓ છંટકાવનો પ્રથમ તબક્કો પૂર્ણ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।**

રાજ્યમાં ચોમાસા દરમિયાન મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહક જન્ય રોગોના નિર્મૂલનની કામગીરીને વધુ સઘન બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે.

જે અંતર્ગત આરોગ્ય વિભાગની વિવિધ ટીમ દ્વારા વર્ષ ૨૦૨૩થી છેલ્લા ૩ વર્ષમાં રાજ્યના નાગરિકોના કુલ ૪.૪૮ કરોડ કરતાં વધુ લોહીના નમૂના અને ૪.૪૬ લાખ કરતાં વધુ સીરમના સેમ્પલ લઈને તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૮,૯૫૬ મેલેરિયાના કેસ, ૧૫,૮૪૧ ડેન્ગ્યુના કેસ અને ૧,૩૪૫ જેટલા ચિકાનગુનિયાના કેસ નોંધાયા હતા. જેમાં વર્ષ ૨૦૨૫માં છેલ્લા ૨૮ સપ્તાહમાં ૯૨.૮૬ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૮૬૦ કેસ મેલેરિયાના જોવા મળ્યા છે જેને કારણે ૪૦ નાગરિકોના મૃત્યુ થયા હતા. જ્યારે ડેન્ગ્યુ તપાસ માટે ૬૭ હજારથી વધુ સીરમ લેવામાં આવ્યા હતા જેમાંથી ૭૨૮ કેસ ડેન્ગ્યુના તેમજ ૧૩૦ કેસ ચિકનગુનિયાના નોંધાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા વાહક જન્ય રોગોની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમ કે, મેલેરિયા માટે સંવેદનશીલ ૨૧ જિલ્લાના ૧૯૬ ગામોની અંદાજે ૨.૦૪ લાખની વસ્તીને જંતુનાશક દવા છંટકાવના તા. ૧૬ મે-૨૦૨૫થી ૧૧ જુલાઈ-૨૦૨૫ સુધીના પ્રથમ રાઉન્ડ હેઠળ આવરી લેવામાં આવી છે. જ્યારે જંતુનાશક દવા છંટકાવના બીજા રાઉન્ડની કામગીરી તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૫થી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમિયાન વાહકજન્ય રોગો માટે સંવેદનશીલ જણાતા વિસ્તારોમાં પોરાનાશક અને તાવ સર્વેલન્સની કામગીરી સઘન રીતે હાથ ધરવા ૨,૪૬૦ વ્યક્તિઓ સાથેની કુલ ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમ મૂકવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા તા. ૦૯ થી ૨૧ જૂન, ૨૦૨૫ દરમિયાન રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરપાલિકાના વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધરી તાવ સર્વેલન્સ, પોરાનાશક અને આરોગ્યશિક્ષણની પ્રવૃતિ ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવી રહી છે.

જેમાં ૯૨ ટકા વસ્તી કવર કરવામાં આવી છે. જ્યારે હાઉસ ટુ હાઉસના બીજા રાઉન્ડનું આયોજન આગામી તા. ૨૧ જુલાઈ, ૨૦૨૫થી હાથ ધરવામાં આવશે.

# ભાવનગરના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ ધાંધિયાથી ખેડૂતના હાલ બેહાલ

**। (એજન્સી) ભાવનગર, તા.૧૭ ।**

ભાવનગરના ગ્રામ્ય વિસ્તારોમાં PGVCLની બેદરકારીના કારણે ખેડૂતોને વીજળીની સમસ્યાનો સામનો કરવાનો વારો આવ્યો છે. ઝાંઝરીયા ફીડરમાં ઘણા સમયથી વીજળીની સમસ્યા ઠેરની ઠેર છે. વારંવાર રજૂઆત કરવા છતાય આ સમસ્યાનું કોઈ નિવારણ આવતું ન હોવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આધેવાડા ગામના ખેડૂતો દ્વારા વીજ કચેરીમાં રજૂઆત કરવામાં આવી છે. રોષે ભરાયેલા ખેડૂતોએ વીજ સમસ્યા દૂર ન થાય તો ચક્કાજામ કરવાની ચીમકી આતરી છે. અધેવાડા વિસ્તારમાં અવાર નવાર થતાં વીજ ધાંધિયાથી ખેડૂતોને ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. વીજ સમસ્યાનું કોઈ નિવારણ ન આવતા મોટી સંખ્યામાં ભેગા મળીને ખેડૂતો PGVCL કચેરી ખાતે પહોંચ્યા છે. અધેવાડા ગામમાં ઝાંઝરીયા ફીડરમાં છેલ્લા ઘણા સમયથી આ વીજળીની ચાલી રહેલી સમસ્યાથી ગ્રામજનો અને મોટી સંખ્યામાં ખેડૂતોને અગવડો વેઠવી પડી રહી છે. આગામી દિવસોમાં જો વીજ સમસ્યા દૂર નહીં થાય તો ખેડૂતો દ્વારા નેશનલ હાઈવે ચક્કાજામ કરવામાં આવશે. વીજ કચેરી દ્વારા સમયસર રીપેરીંગ કામગીરી ન કરાતા ફરિયાદો ઉઠી છે. અનેક વાર દરખાસ્ત કરી હોવા છતાં પ્રશ્નનો કોઈ ઉકેલ ન આવતો હોવાનો આક્ષેપ કરાયો છે.આક્રોશે ભરાયેલા ખેડૂતોએ PGVCL કચેરી ખાતે વિરોધ નોંધાવ્યો છે.

### ગાડી પાર્ક કરવા મુદ્દે પિતા-પુત્રને માર્યા

# સુરતના સલાબતપુરામાં લુખ્ખા તત્વોનો પથ્થરમારા સાથે આતંક

**। (એજન્સી) સુરત, તા.૧૭ ।**

સુરતમાં લુખ્ખા તત્વોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જેમાં સુરતના સલાબતપુરામાં ફરી એકવાર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. જેમાં કાર પાર્ક કરવા જેવી નજીવી બાબતના ઝઘડામાં ચાર શખ્સોએ પિતા પુત્રને માપ માર્યો હતો. ત્યારબાદ પિતા પુત્ર બચવા માટે પોતાના ઘરમાં ઘૂસી ગયા હતા. પૈકી એક તલવાર લઈને આવ્યો હતો અને ત્યારબાદ તોડફોડ કરી હતી. આ સાથે જ આખા પરિવારને ધ્યાનથી મારી નાખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી માં કેદ થઈ જવા પામી છે.આ મામલે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા ચાર જેટલા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે.મળતી માહિતી પ્રમાણે, સલામત પુરા વિસ્તારમાં આવેલી પંચશીલ નગરમાં યુનુસખાન હજીજખાન લાકડાવાલા પઠાણ પરિવાર સાથે રહે છે. ગતરોજ (૧૪ જુલાઈ) સવારના સમયે યુનુસ ખાનના પિતા સાથે માથાભારે વસીમ ઉર્ફે વસીઓ મોઈન શેખની ગાડી પાર્ક કરવા બાબતે બોલાચાલી થઈ હતી. યુનુસખાને સમજાવતા અપશબ્દો બોલીને ચાલ્યા ગયા હતા. ત્યારબાદ થોડા સમયમાં જ વસીમ તેના અન્ય ત્રણ મિત્રો સાથે ધસી આવ્યો હતો.

માથાભારે વસીમે યુનુસના પિતાજીને કહ્યું હતું કે, 'કેમ તમે અહીં મહોલ્લા ના દાદા બની ગયા છો, તમે તમારી ગાડીઓ રસ્તા પર કેમ પાર કરો છો' તેમ કહીને ફરી બોલા ચાલી શરૂ કરી હતી. પિતા સાથે ફરી બોલાચાલી થતી હોવાથી યુનુસ પણ દોડી ગયો હતો દરમિયાન વસીમ અને તેના ત્રણ મિત્રોએ મળીને પિતા પુત્ર બંનેને ઠીક મૂકીનો માર માર્યો હતો. જેથી બંને પિતા પુત્ર બચવા માટે ભાગીને પોતાના ઘરમાં ઘૂસી ગયા હતા. પિતા પુત્ર ઘરમાં ઘૂસી જતા વસીમ તલવાર લઈને આવ્યો હતો અને બારણા પર લાતો મારી હતી અને તલવાર મારી હતી. આ સાથે તેની સાથે રહેલા અન્ય ત્રણ મિત્રોએ પણ બારી અને બારણામાં પથ્થરો માર્યા હતા. આ સાથે જ તમને આખા પરિવારને જાનથી મારી નાખવાના છે એ રીતની ધમકી આપતા હતા. ત્યારબાદ આ તમામ ભાગી ગયા હતા. આ ઘટનાને પગલે પરિવાર ખૂબ જ ડરી ગયું હતું.

### માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા સી. સી પેચવર્ક અને ડામર પેચ વર્ક થકી ખાડાઓ પૂરવામાં આવ્યા

# ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર માર્ગ દુરસ્તીકરણની કામગીરી હાથ ધરાઈ

**। (માહિતી) વડોદરા, તા.૧૭ ।**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ લોકોને અગવડ ન પડે એ ધ્યેય સાથે રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે માર્ગ તેમજ બ્રિજ મરામતની કામગીરી શરૂ કરવામાં આવી છે, ત્યારે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આજે વડોદરા વિભાગના ડભોઈ તાલુકાના રાજલી-મંડાળા રોડ પર રિપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ દુરસ્તીકરણની આ કામગીરીનું વડોદરા ઝોનના અધિક્ષક ઈજનેર શ્રી એ.આર. રાઠવા અને વડોદરા વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી કે. એમ. બ્રહ્મભટ્ટ દ્વારા મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. વડોદરા વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી કે. એમ. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોનું દુરસ્તીકરણ કરવામાં આવી રહ્યું છે. વડોદરા વિભાગમાં કુલ ૯૦૦ કિલોમીટર લંબાઈનું રોડ નેટવર્ક છે, જેમાંથી ૩૦૦ કિલોમીટર લંબાઈનો રસ્તો ડી.એલ.પી.





(દોષ જવાબદારી સમયગાળો) હેઠળ છે, જ્યારે બાકીનો ૬૦૦ કિલોમીટર લંબાઈનો રસ્તો માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ની જવાબદારીમાં છે. ચોમાસું શરૂ થયું ત્યારથી આજ દિન સુધી કુલ ૫૧૦ કિલોમીટર લંબાઈના માર્ગનું દુરસ્તીકરણ કરવામાં આવ્યું છે. એટલે કે વિભાગની જવાબદારી હેઠળના કુલ રોડ નેટવર્ક પૈકી ૮૫ ટકા રસ્તાઓનું સમારકામ પૂર્ણ થઈ ગયું છે. જ્યારે બાકી રહેતો ૯૦ કિલોમીટર લંબાઈના રસ્તાનું રિપેરીંગ કાર્ય પણ આગામી ૬-૭ દિવસમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

માર્ગ મરામત માટે હોટ મિક્સ, વેટ મિક્સ અને કોલ્ડ મિક્સ ડામર તેમજ પ્રાઈમ કોટ અને ટેક કોટ ઉપરાંત પેચિંગ મટિરિયલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રસ્તાઓને થયેલા નુકસાનનું દુરસ્તી કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા આ કામગીરીના નિરીક્ષણ સહ સઘન સમીક્ષા કરવામાં આવી રહી છે.

વાહનચાલકો અને રાહદારીઓને માર્ગોની માળખાકીય સુવિધાનો લાભ મળે અને નાગરિક જીવનમાં કોઈ અગવડ ન પડે તે ધ્યેય સાથે રાજ્ય સરકારના દિશા-નિર્દેશ પ્રમાણે ક્ષતિગ્રસ્ત માર્ગોનું દુરસ્તીકરણનું કામ ત્વરાએ પૂર્ણ કરવા માટે માર્ગ અને મકાન વિભાગ સતત કાર્યરત છે. રોડ-રસ્તાની દુરસ્તી કામગીરી અંગે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવીને સત્વરે માર્ગો પૂર્વવત કરવામાં આવી રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૭ જુલાઈના રોજ નવી દિલ્હીમાં ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત એક સમારોહમાં સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો પ્રદાન કરી રહ્યા છે.

**ન્યૂઝ બ્રિફ**

## બલૂચ બળવાખોરોએ ૬ મહિનામાં ૭૦૦ જવાનો માર્યા : રિપોર્ટ

। (એજન્સી) બલૂચિસ્તાન, તા.૧૭ ।

બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (BLA)એ પાકિસ્તાની સરકાર અને સેનાની મુશ્કેલીઓ વધારી છે. બલૂચ નેતાઓ, બળવાખોરો અને મોટાભાગના લોકો પાકિસ્તાનથી અલગ થઈને સ્વતંત્ર બલૂચિસ્તાન ઈચ્છે છે. આ દરમિયાન એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટમાં સામે આવ્યું છે કે, જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન બીએલએ બળવાખોરો દ્વારા પાકિસ્તાની સેના પર ૨૮૬ હુમલાઓ થયા છે, જેમાં લગભગ ૭૦૦ જવાનો માર્યા ગયા છે. નોંધનીય છે કે, મીર યાર બલૂચ સહિત ઘણાં બલુચ નેતાઓએ બલૂચિસ્તાન માટે સ્વતંત્રતા પણ જાહેર કરી છે અને બલૂચિસ્તાનને વિશ્વથી સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપવાની માંગ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, બલૂચ બળવાખોરોના હુમલાઓનું લક્ષ્ય પાકિસ્તાની સેના હોય છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં આ હુમલાઓમાં નિર્દોષ લોકો પણ જીવ ગુમાવે છે. જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. મોટાભાગના કિસ્સાઓમાં બલૂચ બળવાખોરોના હુમલામાં એવા નિર્દોષ લોકો માર્યા જાય છે જે વિસ્ફોટ સમયે સેનાની ચોકી અથવા વાહનની નજીક હોય છે.

## ઉમા ભારતીએ હાલમાં એક પોસ્ટ દ્વારા પોતાની જ પાર્ટી પર પ્રહાર કર્યા

। (એજન્સી) ભોપાલ, તા.૧૭ ।

ભાજપના સીનિયર નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ હાલમાં એક પોસ્ટ દ્વારા પોતાની જ પાર્ટી પર પ્રહાર કર્યા છે. પોતાના ભત્રીજા રાહુલ લોધીને ટિકિટ મળવાને લઈને તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ કોઈ મહેરબાની નથી કરી, પરંતુ પાર્ટીની મજબૂરી હતી. જોકે, આ પોસ્ટમાં તેમણે પોતાના પરિવાર અને રાજકીય યાત્રા તેમજ બલિદાનો વિશે પણ વાત કરી, જે હાલ ચર્ચાનો વિષય બની છે. ઉમા ભારતીએ ૧૬ જુલાઈએ સોશિયલ મીડિયા પોસ્ટ X પર અનેક પોસ્ટ કરી હતી. જેમાં તેમણે કહ્યું કે, મારી છબીની ચિંતાએ મારા ભાઈ-ભત્રીજાઓને તેમની ક્ષમતાઓ અનુસાર પ્રગતિ કરતા અટકાવ્યા હતા. રાહુલને ટિકિટ આપવી પાર્ટી માટે જરૂરી હતું. કારણ કે, બુંદેલખંડમાં ભાજપને નુકસાન થઈ શકે છે. મારા કારણે પરિવાર પર લૂંટ જેવા ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા.

### પોલીસ પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા

# ગુફામાંથી મળી આવેલી રશિયન મહિલાના બાળકોનો પિતા એક ઇઝરાયલી ઉદ્યોગપતિ

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૭ ।

કર્ણાટક પોલીસે ૯ જુલાઈના રોજ એક રશિયન મહિલાની અટકાયત કરી હતી. આ કેસમાં પોલીસ પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થયા છે. પોલીસે જણાવ્યું હતું કે આ મહિલાના એક ઈઝરાયલી ઉદ્યોગપતિ સાથે સંબંધો હતા. આ બંને લગભગ ૮ વર્ષ પહેલાં મળ્યા હતા. નીના કુટીનાએ જણાવ્યું હતું કે બંને છોકરીઓના પિતા એક ઈઝરાયલી ઉદ્યોગપતિ છે. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે ગોવાની ગુફામાં રહેતી હતી ત્યારે તેણીએ એક બાળકીને જન્મ આપ્યો હતો.

શરૂઆતમાં નીનાએ પોલીસ અને અધિકારીઓને બાળકોના પિતા વિશે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો. જોકે, કાઉન્સેલરોએ તેનું કાઉન્સેલિંગ કર્યું અને ઘણા પ્રયત્નો પછી તેણીએ છોકરીઓના પિતાનું નામ જણાવ્યું. FRRO અધિકારીઓએ રશિયન દૂતાવાસનો સંપર્ક કર્યો છે. તેમણે કહ્યું કે મહિલા અને તેના બાળકોને પાછા



મોકલવામાં લગભગ એક મહિનાનો સમય લાગશે. આ ઉપરાંત, નીનાનો વિઝા ૨૦૧૭માં જ સમાપ્ત થઈ ગયો હતો. પરંતુ આ મહિલા લાંબા સમયથી કર્ણાટકના જંગલોમાં રહેતી હત.

હાલમાં નીનાને બેંગ્લોરમાં પોલીસ દેખરેખ હેઠળ રાખવામાં આવી છે. બીજી તરફ, કર્ણાટકની ગુફામાં તેની બે પુત્રીઓ સાથે રહેતી રશિયન મહિલાના ઈઝરાયલી પતિએ સંયુક્ત કસ્ટડીની માંગણી કરી છે. ઈઝરાયલી પુરુષ બ્રાર ગોલ્ડસ્ટીને અધિકારીઓને વિનંતી કરી છે કે તે તેની પુત્રીઓને રશિયન મહિલા સાથે ન મોકલે. બુધવારે, બ્રારે કહ્યું કે તે તેની પુત્રીઓના ભવિષ્ય વિશે ચિંતિત છે કારણ કે રશિયન મહિલા કુટિના બાળકોને શાળાએ જવા દેતી નથી કે બીજા કોઈને મળવા દેતી નથી. ગોલ્ડસ્ટીને જણાવ્યું હતું કે ગયા ડિસેમ્બરમાં ગોવાના પણજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે કહ્યું હતું કે નવા વિઝા પર ભારત પરત ફર્યા બાદ તે કુટિનાને શોધી શક્યા નહોતો. પોલીસ ફરિયાદમાં ગોલ્ડસ્ટીને જણાવ્યું હતું કે તે ૨૦૧૭માં કુટિનાને પહેલીવાર મળ્યો હતો. આ પછી તેણે આરોપ લગાવ્યો હતો કે કુટિના "મને શારીરિક ત્રાસ આપતી" હતી અને મારી પાસેથી પૈસા પડાવતી હતી.

ગોલ્ડસ્ટીને ફરિયાદમાં જણાવ્યું હતું કે નીનાના તેના પ્રત્યેના વર્તનને કારણે તેણે તેની સાથે સંપર્ક તોડી નાખવાનું શરૂ કર્યું હતું અને તેને લાગ્યું હતું કે તેનો ઉપયોગ "ફક્ત પૈસા માટે" થઈ રહ્યો છે. "નીનાએ મારા અને મારા બીજા પુત્ર પ્રત્યે આક્રમક અને હિંસક વર્તન કરવાનું શરૂ કર્યું. તે અપશબ્દોનો ઉપયોગ કરતી હતી અને ઘણીવાર નાની નાની બાબતોમાં મારા પર હુમલો કરતી અને મને નુકસાન પહોંચાડતી હતી."

### નકલી દસ્તાવેજોથી જમીન ખરીદવાનો આરોપ

# રોબર્ટ વાડ્રાની મુશ્કેલીઓ વધી: EDએ ૩૭ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એટલે કે ઈડીએ ગુરુગ્રામમાં એક કથિત લેન્ડ સ્કેમ સાથે જોડાયેલા કેસમાં કોંગ્રેસ નેતા રોબર્ટ વાડ્રાની ૩૭.૬૪ કરોડ રુપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. ગુરુગ્રામ પોલીસે ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ FIR નંબર ૨૮૮ નોંધી હતી, જેમાં રોબર્ટ વાડ્રા અને તેની કંપની સ્કાઈ લાઈટ હોસ્પિટાલિટીને આરોપી બનાવ્યા હતા. કહેવાય છે કે, શિકોહપુર ગામ, સેક્ટર ૮૩માં ૩.૫૩ એકર જમીનને ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ નકલી દસ્તાવેજો દ્વારા ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદી હતી. વાડ્રા પર વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરી આ જમીન માટે કોમર્શિયલ લાઈસન્સ લેવાનો આરોપ છે. આ મામલામાં હવે ઈડીએ ૩૭.૬૪ કરોડ રુપિયાની ૪૩ અચલ સંપત્તિઓ ટાંચમાં લીધી છે. આરોપ અનુસાર, પ્રોજેક્ટ પૂરો



કર્યા વિના જ આટલી જ જમીન ૫૮ કરોડ રુપિયામાં વેચી દીધી. ચાર્જશીટમાં રોબર્ટ વાડ્રાને આરોપી બનાવ્યા છે. આ મામલામાં ઈડીએ રોબર્ટ વાડ્રા સાથે ૧૮ કલાકથી વધારે સમય સુધી પૂછપરછ કરી હતી. રોબર્ટ વાડ્રા સાથે સાથ હરિયાણાના કેટલાય અન્ય કોંગ્રેસી નેતાઓ સાથે પણ પૂછપરછ થઈ હતી. ૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ગુરુગ્રામ પોલીસએ એક FIR (નં. ૨૮૮) નોંધ્યો હતો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે રોબર્ટ વાડ્રાએ પોતાની કંપની સ્કાય લાઈટ હૉસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ગુરુગ્રામના શિકોહપુર ગામ (સેક્ટર ૮૩)માં ૩.૫૩ એકર જમીન છેતરપિંડીથી ખરીદી હતી. આ જમીન તેમણે ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રા. લિ. પાસેથી ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ ખરીદી હતી અને તેમાં ખોટા દસ્તાવેજી નિવેદન આપવાનો આરોપ છે. આરોપ છે કે વાડ્રાએ પોતાનો વ્યક્તિગત પ્રભાવ વાપરીને આ જમીન માટે કમર્શિયલ લાઈસન્સ પણ મેળવી લીધું. હવે આ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ૧૬ જુલાઈ ૨૦૨૫ના રોજ એક અસ્થાયી કુરકી આદેશ જારી કર્યો છે. આ હેઠળ રોબર્ટ વાડ્રા અને તેમની કંપનીઓ જેમ કે સ્કાય લાઈટ હૉસ્પિટાલિટી પ્રા. લિ.ની કુલ ૪૩ અચલ સંપત્તિઓ, જેની કિંમત ૩૭.૬૪ કરોડ રૂપિયા છે, ટાંચમાં લેવામાં આવી છે. આ પછી ૧૭ જુલાઈ ૨૦૨૫ના રોજ રાઉઝ એવન્યુ કોર્ટ, નવી દિલ્હી ખાતે આ મામલે ૧૧ લોકો/સંસ્થાઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

### ભાજપના ધારાસભ્યએ હદ કરી!

# મુખ્યમંત્રી ફડણવીસ રામ-કૃષ્ણ અને મહાદેવ જેવા છેઃ પરિણય ફુકે

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મહારાષ્ટ્રના એક ભાજપ ધારાસભ્યએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વિશે મોટું નિવેદન આપ્યું છે. વિધાનસભા પરિષદના સભ્ય પરિણય ફુકેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની તુલના ભગવાન શ્રી રામ, ભગવાન કૃષ્ણ અને ભગવાન શિવ સાથે કરી છે. આ ઉપરાંત ધારાસભ્ય પરિણય ફુકેએ કહ્યું કે, દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને દેશનું નંબર-વન રાજ્ય બનાવ્યું છે. આટલું જ નહીં, ધારાસભ્ય પરિણય ફુલેએ વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રી ફડણવીસે મહારાષ્ટ્રને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને તેને નંબર વન રાજ્ય બનાવ્યું છે. અમે તેમના ભજન ગાઈએ છીએ કારણ કે તે અમારા માટે ભગવાન જેવા છે. મને ખબર નથી કે દેવેન્દ્ર ફડણવીસ ભગવાન છે કે નહીં, પરંતુ તેઓ ભગવાન જેવા વ્યક્તિ



છે. તેમનું પાત્ર શ્રી રામ જેવું છે અને બુદ્ધિ કૃષ્ણ જેવી છે. તેમની સહનશીલતા બિલકુલ મહાદેવ જેવી છે, તેમનામાં ઝેર પણ પીવાની ક્ષમતા છે.

ધારાસભ્ય ફુકેએ કહ્યું કે, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસમાં સૂર્યનું તેજ અને ચંદ્રની શાંતિ છે. આવી સ્થિતિમાં, મુખ્યમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા પરિણય ફુકેએ તેમની પ્રશંસા કરી. આ ઉપરાંત, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે બુધવારે કહ્યું છે કે, નાગપુર વિધાન ભવનનું વિસ્તરણ કરવામાં આવશે. આ માટે, નવા વહીવટી સંકુલની બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

### બિહારમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો

# હોસ્પિટલના ICUમાં ઘૂસીને એક ગેંગસ્ટરની ગોળી મારીને હત્યા

## ૪ શખ્સો બંદૂકો સાથે ICUમાં ડર્યા વગર પ્રવેશ કરી હોસ્પિટલના રૂમ નંબર ૨૦૯ માં ઘટનાને અંજામ આપ્યો

। (એજન્સી) પટના, તા.૧૭ ।

પટનામાં પારસ હોસ્પિટલના ICU માં ઘૂસીને એક ગેંગસ્ટરને ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ૪ શખ્સો બંદૂકો સાથે ICU માં ડર્યા વગર પ્રવેશ કરી રહ્યા છે. શખ્સોએ હોસ્પિટલના રૂમ નંબર ૨૦૯ માં આ ઘટનાને અંજામ આપ્યો હતો. હત્યારાઓએ માત્ર ૨૫ સેકન્ડમાં આ ઘટનાને અંજામ આપ્યો હતો. જણાવી જઈએ કે, જે વ્યક્તિની હત્યા કરવામાં આવી છે, તેનું નામ ચંદન મિશ્રા છે. ચંદન મિશ્રાને બેઉર જેલમાંથી પેરોલ પર સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ચંદન મિશ્રા બક્સરનો રહેવાસી હતો અને કેસરી નામના



વ્યક્તિની હત્યા કેસમાં આરોપી હતો. પોલીસે ચંદન મિશ્રાના રૂમમાંથી ૧૨ ગોળીઓના શેલ જપ્ત કર્યા છે. પોલીસે હોસ્પિટલના ગાર્ડ સહિત ૧૨ લોકોની અટકાયત કરી છે અને આ કેસમાં પૂછપરછ શરૂ કરી છે. SSP કાર્તિક કે શર્માએ જણાવ્યું હતું કે, ચંદન મિશ્રા એક કુખ્યાત ગુનેગાર હતો અને તેના હરીફ જૂથે હોસ્પિટલમાં ઘૂસીને હત્યા કરી હતી. તેમણે કહ્યું હતું કે, પોલીસને ગુનેગારોની તસવીર મળી છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, ચંદન મિશ્રા સામે હત્યા અને ગેંગ વોરના ડઝનબંધ કેસ નોંધાયેલા છે. બક્સરમાં ચંદન-શેરુ ગેંગનો આતંક હતો અને બાદમાં શેરુ અને ચંદન વચ્ચે દુશ્મનાવટ થઈ હતી. પોલીસને હત્યા પાછળ શેરુના કેમ્પ પર શંકા છે. આ ચોંકાવનારી ઘટના પર નિવેદન આપતા, પટનાના એસએસપી કાર્તિક કે શર્માએ જણાવ્યું હતું કે, ચંદન મિશ્રા એક કુખ્યાત ગુનેગાર હતો, તેની હત્યા હોસ્પિટલની અંદર તેની હરીફ ગેંગ દ્વારા કરવામાં આવી હતી. આ સંપૂર્ણપણે ગેંગ વોરનો કેસ છે. ગુનેગારોની ઓળખ થઈ ગઈ છે, અમારી પાસે તેમના ફોટા છે. ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# ૧૮-૨૦ જુલાઈ સુધી ઘણા વિસ્તારોમાં કહેર બનીને તૂટી પડશે મેઘરાજા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશમાં ચોમાસુ તેની ટોચ પર છે. રાજધાની દિલ્હી સહિત NCRના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ૧૮-૨૦ જુલાઈ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વી ઉત્તર પ્રદેશમાં વરસાદની શક્યતા છે. આ ઉપરાંત, ૧૮ જુલાઈએ જમ્મુ-કાશ્મીરમાં અને ૧૯-૨૦ જુલાઈ દરમિયાન પશ્ચિમ ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે. તે જ સમયે, હવામાન વિભાગનો અંદાજ છે કે આગામી દિવસોમાં દિલ્હી NCRમાં વધુ વરસાદ પડી શકે છે. વરસાદને કારણે, પારામાં ઘટાડો થયો છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી છે, પરંતુ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાજધાની દિલ્હી ઉપરાંત, આગામી એક અઠવાડિયા સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. તે જ સમયે, હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં મુશળધાર વરસાદની સંભાવના છે. હિમાચલ પ્રદેશના ૭ જિલ્લાઓમાં ગુરુવારે વરસાદ માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી બે દિવસમાં, ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડી જિલ્લામાં પીળો ચેતવણી રહેશે. હવામાન વિભાગે ગુરુવારે રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. આ સમયગાળા દરમિયાન, જોધપુર, બિકાનેર, અજમેર વિભાગના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને કેટલાક સ્થળોએ ખૂબ જ ભારે વરસાદની શક્યતા છે. બુધવારે કેરળના ઘણા ભાગોમાં વરસાદને કારણે નદીઓના જળસ્તરમાં વધારો થયો હતો, ત્યારબાદ હવામાન વિભાગે ૫ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કરીને લોકોને ચેતવણી આપી છે. એર્નાકુલમ, ઇડુક્કી, ત્રિશૂર, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

### ૧૫ હજાર ફૂટથી મિસાઈલે સચોટ નિશાન લગાવ્યું । નવી સિસ્ટમ સેનાના બે વધુ એકમોમાં સમાવવામાં આવશે

# ભારતે ઘાતક હથિયારનું સફળ રીતે પરીક્ષણ કર્યું

। (એજન્સી) લદ્દાખ, તા.૧૭ ।

ભારતીય સેનાએ બુધવારે લદ્દાખ ક્ષેત્રમાં ૧૫,૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ સ્વદેશી રીતે વિકસિત આકાશ પ્રાઈમ એર ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના વરિષ્ઠ અધિકારીઓ અને એર ડિફેન્સ યુનિટ દ્વારા આ આ નવી સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું.

પરીક્ષણ દરમિયાન સપાટીથી હવામાં પ્રહાર કરતી આકાશ મિસાઈલે ખૂબ જ ઊંચી ગતિએ ઉડતા હવાઈ લક્ષ્યો પર સચોટ



નિશાન સાધ્યું હતું. આ પરીક્ષણ ખૂબ જ ઊંચાઈવાળા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આકાશ પ્રાઈમ સિસ્ટમ હવે ભારતીય સેનાના હવાઈ સંરક્ષણના ત્રીજા અને ચોથા એકમ (રેજિમેન્ટ)નો ભાગ બનશે. આનો અર્થ એ થયો કે હવે આ નવી સિસ્ટમ સેનાના બે વધુ એકમોમાં સમાવવામાં આવશે જેથી દુશ્મનના હવાઈ હુમલાઓ સામે વધુ સારી સુરક્ષા પૂરી પાડી શકાય.

આકાશ પ્રાઈમ ૧૫ હજાર ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરી શકાય છે. તે લગભગ ૨૫-૩૦ કિલોમીટરના અંતરે સ્થિત લક્ષ્ય પર પ્રહાર કરી શકે છે. તેમજ આ સફળ પરીક્ષણથી ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ પણ મળ્યો છે કે ભારતીય સેના સતત મજબૂત થઈ રહી છે. આ સિસ્ટમ DRDO દ્વારા જ વિકસાવવામાં આવી છે. આ પરીક્ષણમાં જાણવા મળ્યું છે કે આ સિસ્ટમ લદ્દાખના પડકારજનક હવામાનમાં સચોટ પ્રહારો કરવા સક્ષમ છે. આકાશ પ્રાઈમ એ હવાઈ સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતી હાલની આકાશ સિસ્ટમનું લેટેસ્ટ વર્ઝન છે. આ સિસ્ટમ સ્વદેશી સક્રિય રેડિયો ફ્રીક્વન્સીથી સજ્જ છે. તેમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે, જેમાં સૌથી મહત્ત્વનો સુધારો એ છે કે તેનો ઉપયોગ સૌથી ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે ઠંડીમાં પણ ચોકસાઈ સાથે થઈ શકે છે.

સંરક્ષણ અધિકારીના જણાવ્યા મુજબ, આ સિસ્ટમે ઓપરેશન સિંદૂર દરમિયાન પણ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું હતું. તેમજ આ જ સિસ્ટમે ચીની વિમાનો અને તુર્કી ડ્રોન દ્વારા પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા હતા. આકાશ પ્રાઈમ સિસ્ટમ સંરક્ષણ ટેકનોલોજીમાં ખાસ કરીને હવાઈ સુરક્ષા જેવા મુખ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાના ભારતના મોટા પ્રયાસનો એક ભાગ છે.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વદેશી રીતે વિકસિત આકાશ સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ જમ્મુ અને કાશ્મીરમાં પશ્ચિમી સરહદ અને લાઈન ઓફ કંટ્રોલ (LoC) પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ઘણા ડ્રોન હુમલાઓને રોકવામાં ખૂબ મદદરૂપ સાબિત થઈ છે.

## તંત્રી લેખ...

# અમેરિકન પ્રમુખના નિવેદનો અને યુ-ટર્ન ચર્ચામાં

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી ભારત સાથે ટૂંક સમયમાં વેપાર સોદો થવાના સંકેતો આપી રહ્યા છે ત્યારે તેમણે બુધવારે કહ્યું હતું કે, અમેરિકાને ભારતીય બજારમાં સંપૂર્ણ પહોંચ મળશે. બીજીબાજુ ટ્રમ્પે રશિયાની રાજધાની મોસ્કો પર હુમલા માટે યુક્રેનને પ્રોત્સાહન આપ્યું હોવાના અહેવાલો મુદ્દે યુ-ટર્ન લીધો હતો અને કહ્યું કે, ઝેલેન્સ્કીએ મોસ્કો પર હુમલા ના કરવા જોઈએ.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર જંગી ટેરિફની ધમકીઓ આપી છે ત્યારે તેમણે ભારત સાથે ટૂંક સમયમાં વેપાર સોદો થવાના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર અંગેની વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. ટ્રમ્પે કહ્યું કે, ભારત અને અમેરિકા આ વેપાર કરાર પર વાતચીત કરી રહ્યા છે, જેથી મુખ્યરૂપે ટેરિફને ૨૦ ટકાથી નીચે રાખી શકાય. વધુમાં ટ્રમ્પે કહ્યું કે, અમે ઈન્ડોનેશિયા સાથે વેપાર કરાર કરી લીધો છે. અમને ઈન્ડોનેશિયામાં સંપૂર્ણ એક્સેસ મળશે. અમે ભારત સાથે પણ આ જ પ્રકારનો કરાર કરવા જઈ રહ્યા છીએ. ભારત સાથેના કરારથી અમને ભારતમાં સંપૂર્ણ પહોંચ મળશે. ભારતને આશા છે કે રેસિપ્રોકલ ટેરિફ ટાળવા માટે અમેરિકા સાથે તેના કરાર થઈ જશે. જોકે, ભારતે વેપાર કરાર માટે તેને કોઈ ઉતાવળ નહીં હોવાનો દાવો પણ કર્યો છે.બીજીબાજુ ટ્રમ્પે યુક્રેનને રશિયાની રાજધાની મોસ્કો પર હુમલા કરવા માટે પ્રોત્સાહિત કર્યા હોવાના અહેવાલોને અમેરિકન પ્રમુખે નકારી કાઢ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે, યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ મોસ્કો પર હુમલા કરવા જોઈએ નહીં. હું કોઈના પક્ષમાં નથી. હું માનવતાના પક્ષમાં છું, કારણ કે હું યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધના કારણે થઈ રહેલા મોત રોકવા માગું છું. એક દિવસ પ હેલાં જ કેટલાક મીડિયા અહેવાલમાં જણાવાયું હતું કે ટ્રમ્પે ઝેલેન્સ્કી સાથે અંગત ફોન કોલમાં તેમને પૂછ્યું હતું કે યુક્રેનને લાંબા અંતરના મિસાઈલ અમેરિકા આપે તો તેઓ મોસ્કો પર હુમલા કરી શકે કે કેમ? ઝેલેન્સ્કીએ સરાકાત્મક જવાબ આપ્યો હતો. પરંતુ હવે બુધવારે ટ્રમ્પે આ નિવેદન મુદ્દે ફેરવી તોળ્યું છે.

## ભારતના રાષ્ટ્રપતિએ સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો પ્રદાન કર્યા



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૧૭ જુલાઈ, ૨૦૨૫) નવી દિલ્હીમાં ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત એક સમારોહમાં સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો એનાયત કર્યા હતા.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વચ્છ સર્વેક્ષણ આપણા શહેરો દ્વારા સ્વચ્છતા તરફ કરવામાં આવેલા પ્રયાસોનું મૂલ્યાંકન અને પ્રોત્સાહન આપવામાં એક સફળ પ્રયોગ સાબિત થયો છે. તેમને એ જાણીને આનંદ થયો કે ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલયે વર્ષ ૨૦૨૪ માટે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધર્યો હતો, જેમાં વિવિધ હિસ્સેદારો, રાજ્ય સરકારો, શહેરી સંસ્થાઓ અને લગભગ ૧૪ કરોડ નાગરિકોએ ભાગ લીધો હતો.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ચેતના પ્રાચીન કાળથી સ્વચ્છતા પર ભાર મૂકે છે. આપણા ઘરો, પૂજા સ્થાનો અને આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવાની પરંપરા આપણી જીવનશૈલીનો અભિન્ન ભાગ રહી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે, “સ્વચ્છતા ભગવાનની ભક્તિની પછી આવે છે.” તેઓ સ્વચ્છતાને ધર્મ, આધ્યાત્મિકતા અને નાગરિક જીવનનો પાયો માનતા હતા. તેમણે કહ્યું કે તેમણે જાહેર સેવાની પોતાની યાત્રા સ્વચ્છતા સંબંધિત કાર્યોથી શરૂ કરી હતી. નોટિફાઇડ એરિયા કાઉન્સિલના વાઇસ-ચેરમેન તરીકે, તેઓ દરરોજ વોર્ડની મુલાકાત લેતા અને સફાઈ કાર્યનું નિરીક્ષણ કરતા હતા. રાષ્ટ્રપતિએ કહ્યું કે ન્યૂનતમ સંસાધનોનો ઉપયોગ કરીને બગાડ ઓછો કરવો અને તેનો એક જ હેતુ માટે અથવા અન્ય હેતુ માટે પુનઃઉપયોગ કરવો એ હંમેશા આપણી જીવનશૈલીનો એક ભાગ રહ્યો છે. સર્ક્યૂલર ઈકોનોમીના મૂળભૂત સિદ્ધાંતો અને ઘટાડો-પુનઃઉપયોગ-રિસાયકલની પ્રણાલીઓ આપણી પ્રાચીન જીવનશૈલીના આધુનિક અને વ્યાપક સ્વરૂપો છે. ઉદાહરણ તરીકે, આદિવાસી સમુદાયોની પરંપરાગત જીવનશૈલી સરળ છે. તેઓ ઓછા સંસાધનોનો ઉપયોગ કરે છે અને સમુદાયના અન્ય સભ્યો સાથે ભાગીદારીમાં આબોહવા અને પર્યાવરણ સાથે સુમેળમાં રહે છે. તેઓ કુદરતી સંસાધનોનો બગાડ કરતા નથી. આ પ્રકારના વ્યવહારો અને પરંપરાઓ અપનાવીને સર્ક્યૂલરિટીની આધુનિક પ્રણાલીઓને મજબૂત બનાવી શકાય છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે કચરો વ્યવસ્થાપન મૂલ્ય શૃંખલામાં પહેલું અને સૌથી મહત્વપૂર્ણ પગલું સ્રોતનું વિભાજન છે. આ પગલા પર તમામ હિસ્સેદારો અને દરેક પરિવાર દ્વારા ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. શૂન્ય-કચરાના વસાહતો સારા ઉદાહરણો સ્થાપિત કરી રહ્યા છે. રાષ્ટ્રપતિએ શાળા સ્તરના મૂલ્યાંકન પહેલની પ્રશંસા કરી, જે વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાને જીવન મૂલ્ય તરીકે ગ્રહણ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આના અત્યંત ફાયદાકારક અને દૂરગામી પરિણામો આવશે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે પ્લાસ્ટિક અને ઈલેક્ટ્રોનિક કચરા પર નિયંત્રણ રાખવું અને તેનાથી થતા પ્રદૂષણને અટકાવવું એ એક મોટો પડકાર છે. યોગ્ય પ્રયાસોથી, આપણે દેશના પ્લાસ્ટિક ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો કરી શકીએ છીએ. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં સિંગલ-યુઝ પ્લાસ્ટિક ધરાવતી કેટલીક વસ્તુઓ પર પ્રતિબંધ મૂક્યો છે. તે જ વર્ષે, સરકારે પ્લાસ્ટિક પેકેજિંગ માટે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી માટે માર્ગદર્શિકા જારી કરી છે. ઉત્પાદકો, બ્રાન્ડ માલિકો અને આયાતકારો સહિત તમામ હિસ્સેદારોની જવાબદારી છે કે તેઓ આ માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વચ્છતાના પ્રયાસોમાં આર્થિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક પાસાઓ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બધા નાગરિકો સ્વચ્છ ભારત મિશનમાં પૂરા દિલથી ભાગ લેશે. તેમણે કહ્યું કે સારી રીતે વિચારેલા અને નિર્ધારિત પ્રયાસો સાથે, વિકસિત ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં વિશ્વના સૌથી સ્વચ્છ દેશોમાંનો એક બનશે.

---

**આપણે જેને શ્રેષ્ઠ તરીકે સ્વીકાર્યા હોય એની જે આજ્ઞા હોય એને એમ જ સ્વીકારવી એ તલવારની ધાર પર ચાલવા જેવું કઠિન છે**

# સેવાધર્મનાં વિઘ્નનાં પાંચ કારણ બતાવ્યાં છે! કુસંગ, અન્યાશ્રય, અહંકાર,સ્પર્ધા ,વિશ્વાસઘાત



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દશરથજીએ દર્પણમાં પોતાનો ચહેરો જોયો અને કાન પાસે સફેદ વાળ જોઈ રામનાં રાજ્યાભિષેક માટે વિચાર્યુ. સમાજના દશરથોએ ઉંમર થાય ત્યારે દર્પણમાં જોવું અને સફેદ વાળ દેખાય ત્યારે સમજવું, કે કોઈ શ્વેતવર્ણી શુદ્ધ ગુરુ ઉપદેશ આપવા આવ્યો છે કે, હે રાજન હવે રામને સોંપી દો!**

માનસ સેવાયજ્ઞનાં આઠમાં દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે સાવરકુંડલાનાં આંગણે મંડાયેલાં આ સેવાયજ્ઞમાં ખૂબ દાન આવી રહ્યું છે, અને આ આરોગ્ય ધામ માટે અપાયેલ દરેકનું દાન મારી માટે સરખું મહત્વ ધરાવે છે, પછી તે એક રુપિયાનું હોય કે એક કરોડનું! કારણકે એમાં રુપિયાનું મહત્વનું નથી તમારી આપવાની વૃત્તિ મહત્વની છે. આગમ નિગમ એટલે કે વેદ પુરાણમાં કઠિન ધર્મને સેવા કહી છે. આપણે જેને શ્રેષ્ઠ તરીકે સ્વીકાર્યા હોય એની જે આજ્ઞા હોય, એને એમ જ સ્વીકારવી એ તલવારની ધાર પર ચાલવા જેવું કઠિન છે. સેવાયજ્ઞમાં વિધ્વંસ કરનાર પ્રતિબંધક તત્વ ઘણાં છે. કોઈ પણ સેવાનું ક્ષેત્ર જ્યારે સંસ્થાનું રુપ લે ત્યારે સાવધાન રહેવું પડે! ધર્મ ધર્મ હોય ત્યાં સુધી કોઈ ખતરો નથી, પણ ધર્મ જ્યારે સંસ્થા બને ત્યારે ચારે બાજુથી ખતરાઓ શરૂ થાય છે. સેવાની સંસ્થાનું કાર્ય થતું હોય એમાં વિઘ્ન આવે તો શૈતાન રાજી થાય મુશ્કેલી તો સત્યનું આચરણ કરનારને જ આવે, અસત્યને ક્યાં મુશ્કેલી છે!:

સેવાધર્મમાં વિઘ્ન ક્યારે આવે એનાં પાંચ કારણ બતાવ્યાં છે! (૧) કુસંગ (૨) અન્યાશ્રય (૩) અહંકાર (૪) સ્પર્ધા (૫) વિશ્વાસઘાત.

**કુસંગ

બરુ ભલ બાસ નરક કર તાતા,
દુષ્ટ સંગ જનિ દેઈ વિધાતા.

માનસનો સુપ્રસિદ્ધ દાખલો, કૈકેયી નીંદનીય છે કે વંદનીય? પંડિત રામકીંકરજીનાં દ્રષ્ટિકોણ મુજબ કૈકેયી ભરતની મા તરીકે વંદનીય છે, પણ કૈકેયી રાજાની દીકરી તરીકે એ નીંદનીય છે. કૈકેયી નરેશે લગ્ન સમયે એને વિદાય વખતે મંથરાને સાથે મોકલી. એક પરમસંતની માતાની બુદ્ધિ પણ મંથરા ફેરવી શકતી હોય, તો આપણે કુસંગથી બહુ સાવધાન રહેવું, કુસંગ એ આપણાં પતનનું પહેલું કારણ છે.

** અન્યાશ્રય. મહાભારતનું દ્રષ્ટાંત જુઓ, અર્જુનનું પતન થયું નહીં પણ દુર્યોધનનું પતન થયું, જોકે આ તો બધો નિયતિનો ખેલ છે! અર્જુને કૃષ્ણાશ્રય કર્યો અને દુર્યોધને અન્યાશ્રય કર્યો. એટલે અર્જુન છેક હિમાલય પહોંચ્યો એટલે કે સદેહે સ્વર્ગે ગયો, એટલી ઉન્નતી થઈ, જ્યારે દુર્યોધનનું એટલું પતન થયું, કે કૌરવ કુળનો નાશ થયો. શાસ્ત્રો કહે છે અર્જુન વંદિત થયો, અને દુર્યોધન નીંદિત થયો. ગીતામાં કૃષ્ણને કહેવું પડ્યું કે પાંડવા નામ ધનંજય, પાંડવોમાં અર્જુન મારી વિભૂતિ છે, અર્જુન મારો ઈષ્ટ છે, આમ અન્યાશ્રય પ્રતિબંધિત તત્વ છે. કૃષ્ણ શ્રેય કરશે, એને દુનિયાનો કોઈ માઈનો લાલ આંટીએ નહીં ચડાવી શકે. અચલ હોય એનો આશ્રય કરવો, મમ પ્રભુશ્રી ગીરીરાજધારી. આખો ગિરિરાજ જેની ટચલી આંગળીએ અચલ રહી શકે, એની ટચલી આંગળી કેટલી મજબૂત હશે!

**અહંકાર. સેવા કરતાં કરતાં આવેલો અહંકાર એ સેવાધર્મને વિધ્વંશ કરતું ત્રીજું કારણ છે. અહંકાર આવે જ કારણ કે આપણે જીવ છીએ, તુલસી લખે છે, અહંકારએ ગાંઠનો એટલે કે કેન્સર જેવો રોગ છે.

અહંકાર અતિ દુઃખદ ડમરુઆ,
દંભ કપટ મદ માન નેહરુઆ.

હે ગરુડ અહંકાર ગાંઠનો રોગ છે, ગાંઠની બીમારી એટલે કેન્સરની બીમારી. મેં એકવાર દાદાને પૂછેલું, દાદા તમારી દ્રષ્ટિએ અહંકારની ગાંઠના કેટલા પ્રકાર, ત્યારે એમણે આઠ પ્રકાર કીધેલા, મારા ને તમારા અહંકારની ગાંઠના પણ આઠ જ પ્રકાર છે.

ધન મદ મત્ત પરમ બાચાલા,
ઉગ્રબુદ્ધિ ઉર દંભ વિશાલા.

આઠ પ્રકારના કેન્સર પુરાણી ચિકિત્સા પદ્ધતિમાં છે. ગર્વ કિયો સોઈ નર હાર્યો, આધ્યાત્મ દ્રષ્ટિએ આવાં માનસિક રોગ એ કેન્સર છે. પણ અભિમાનની દિશા બદલી જાય તો સારું.

અસ અભિમાન જાય જનિ ભોરે,
મે સેવક રઘુપતિ પતિ મોરે.

ભારતનો ઋષિ આવું અભિમાન માંગે છે, હું સેવક છું, અને મારો રઘુનાથ માલિક છે, અને માલિકનું મને અભિમાન છે. અહંકારથી ડરવાની જરૂર નથી, પણ સાવધાન રહેવાની જરૂર છે.

**સ્પર્ધા. સ્પર્ધા એક ન દેખાય એવો સંઘર્ષ છે, અને સંઘર્ષ થાય એટલે એમાંથી બરફ નીકળે નહીં, અગ્નિ જ નીકળે. જેમ ચંદનનાં લાકડાને તમે ઘસો તો એમાંથી અગ્નિ જ નીકળે, નહીં તો ચંદનનું લાકડું જન્મજાત શીતલ સ્વભાવ ધરાવે છે. કોઈપણ સ્પર્ધા સંઘર્ષ જ પેદા કરે! પણ અત્યારે બધા દલીલ કરે કે, સ્પર્ધા વગર વિકાસ અટકી જાય. સ્પર્ધા કરવી હોય તો પોતાની સાથે કરો, બીજાની સાથે નહીં! આજે આટલી મોટી સંખ્યામાં સંસ્થાઓ સમાજમાં છે, છતાંય જોઈએ એટલું લોકમંગલનું પરિણામ નથી આવતું, એનું કારણ સંસ્થાઓ એકબીજાનો દ્વેષ અને ઈર્ષા કરે છે. સારું દેખાડવાની સ્પર્ધાઓ કરે છે, આ બધી પતનની નિશાની છે.

**વિશ્વાસઘાત. ખોટી જગ્યાએ વિશ્વાસ મૂકવો અને સાચી જગ્યાનો વિશ્વાસઘાત કરવો, એ સેવાધર્મનું પાંચમું વિધ્વંશ કરનારું કારણ છે.

મંત્ર જાપ મમ દ્રઢ વિશ્વાસા,
પંચમ ભજન સો વેદ પ્રકાસા.

ખોટી જગ્યાએ વિશ્વાસ કરવો અથવા તો સાચાનો વિશ્વાસઘાત કરવાથી, આંતરિક પ્રસન્નતામાં ઓટ આવશે, પવિત્રતામાં ઓટ આવશે, આંતરિક પ્રમાણિકતામાં ઓટ આવશે, આ બધા જ ખોટના ધંધાઓ છે. જ્યારે આપણે સેવાધર્મને સ્વીકાર્યો હોય, ત્યારે દરેક પાસેથી ધ્યાન રાખવું પડે, વ્યવસ્થાનાં રૂપમાં સંસ્થા રહે, પરંતુ મૂળમાં એ ધર્મ છે એને ધંધો બનાવાય નહીં.

ગઈકાલે સીતારામના વિવાહની કથાનું ગાયન શ્રવણ કર્યુ, આજે આગળ. અયોધ્યામાં તો બહુ સમૃદ્ધિ હતી, પણ રામ પરણીને આવ્યાં, એટલે કે જગદંબા જાનકીનાં પગલા પડ્યાં, અને અયોધ્યા કાંડના આરંભમાં તુલસીએ વધતી જતી સમૃદ્ધિનું વર્ણન કર્યુ છે. હદથી બહાર સુખો વધી ગયાં, અને એટલે જ તુલસી લખે છે, કદાચ વનવાસનો જન્મ થયો! એટલે કે અતિશય સુખ પણ દુઃખનું કારણ બની શકે, સુખની એક નિશ્ચિત સીમા આવશ્યક છે.

દશરથજીએ દર્પણમાં પોતાનો ચહેરો જોયો અને કાન પાસે સફેદ વાળ જોઈ રામનાં રાજ્યાભિષેક માટે વિચાર્યુ. સમાજના દશરથોએ ઉંમર થાય ત્યારે દર્પણમાં જોવું અને સફેદ વાળ દેખાય ત્યારે સમજવું, કે કોઈ શ્વેતવર્ણી શુદ્ધ ગુરુ ઉપદેશ આપવા આવ્યો છે કે, હે રાજન હવે રામને સોંપી દો! સફેદ વાળ ગુરુ છે, અને એ દેખાય ત્યારે હવે મારે નિવૃત્તિ લેવી જોઈએ, એવો નિર્ણય કરવો. એ જ રીતે મુકુટ ત્રાસો થવો એ ઉદાહરણ પણ સમજાવ્યું, કે દુનિયા ધક્કો મારે એ પહેલા દુનિયા છોડી દેવી, એને વિવેક કહેવાય. ધીરે ધીરે બધું છોકરાઓને સોંપતા જવું, અમુક ઉંમર થાય ત્યારે ઘરમાં હા પાડતા શીખી જવું.

રામનાં રાજ્યાભિષેકનું નક્કી તો થયું, પણ દશરથજીએ સામેથી એક રાતની મુદત નાખી. નિયતિનો ખેલ હશે. પરંતુ શુભ કરવું હોય ત્યારે મુદત ન નખાય, મમતાની એક એવી રાત આવી કે રામરાજ્યનો સૂરજ ઉગતા ઉગતા રહી ગયો, અને ચૌદ વર્ષ સુધી રામરાજ્ય પાછું ઠેલાણું.

ભગવાન રામને ચૌદ વર્ષનો વનવાસ થયો, અને રામ, લખન, જાનકી, સરયુને કિનારે આવી ગયાં, આખી અયોધ્યા રુદન કરે છે. આગળ નિશાદ રાજ અને કેવટને પ્રભુએ શ્રેષ્ઠ ભક્તિનું દાન કર્યુ સૂક્ષ્મભક્તિ આપી. આ બાજુ દશરથજીએ રામવિરહમાં પ્રાણનો ત્યાગ કર્યો, ભરતજી મોસાળથી આવ્યાં, પિતૃક્રિયા કરી, અને રામ દર્શન માટે આખી અયોધ્યા ચિત્રકૂટ પહોંચી. આખરે નિર્ણય લેવાયો કે ભરત ચૌદ વર્ષ અયોધ્યા રહી પિતૃ આજ્ઞા પાળે, પ્રભુએ પાદુકા અર્પણ કરી. ભરતને વિશ્વાસ થયો કે જ્યાં પાદુકા હશે, ત્યાં પ્રભુના ચરણ આવશે જ. પ્રભુની પાદુકાને સિંહાસન પર પ્રસ્થાપિત કરી. ભરતને વેદના થઈ પ્રભુ વનમાં રહે અને હું રાજ મહેલમાં! એટલે ભરત નંદીગ્રામમાં એક પર્ણકુટી બાંધીને રહ્યાં. અયોધ્યા કાંડના સમાપનમાં તુલસીદાસજીએ ભરતજીતના તિક્ષ્ણવ્રતોનું વર્ણન કર્યુ છે, જટા બાંધી છે. ભારતનાં નિયમ અને વ્રત જોઈને ઋષિમુનિઓ શરમાવા લાગ્યાં. સીતારામના પ્રેમથી પૂર્ણ એવા ભારતનો જન્મ થયો ન્હોત તો, મુનિઓના મનને અગમ એવા સંયમ નીયમને વ્રતોને જગતમાં કોણ પાળી બતાવત? સમાજનું દુઃખ, સંસારનું દારિદ્રય, કે સંસારના દુરિત કોણ હરત? તુલસી કહે છે ભરત જન્મ્યા ન્હોત તો મારા જેવા કળિયુગના સઠોને પકડી પકડીને રામની સન્મુખ કોણ લઈ જાત? આમ આઠમા દિવસની કથાને વિરામ આપ્યો.

---

**પરીક્ષિતનો અધિકાર સિદ્ધ થતાંજ શુકદેવજી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકી તેને તેજોમય ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં**

# સાચવીને રાખેલી વસ્તુઓ અને ધ્યાનથી સાંભળેલી વાત ક્યારેકને ક્યારેક કામમાં આવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી.**



જીવનમાં સુખ હોય કે દુઃખ તેને સમજતા અને તેમાંથી આનંદ લેતા શીખી જઈશું તો જીવનની દરેક પળ સુખમય બની જશે.!ભેગુ કરતા રહેશો તો છેલ્લે ભાગ જ પડશે, પણ જો યોગ્ય જગ્યાએ આપતા રહેશો ને તો ભાગ્ય ખુલી જશે!;ખોટા પ્રશ્ન નોશ્રેષ્ઠ ઉત્તર એટલે મૌન, અને કપરા સમયની શ્રેષ્ઠ પ્રતિક્રિયા એટલે સ્મિત...આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંતએ પરમાત્માનું નામ છે. સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરુ. અધિકાર સિદ્ધ થયા પછી સદગુરુને શોધવાની જરૂર નથી. સદગુરુ જ અધિકારીને શોધતાં આવે છે. પરીક્ષિતનો અધિકાર સિદ્ધ થતાંજ શુકદેવજી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકી તેને તેજોમય ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. જગતમાં જેટલા સંતો થયા છે તેમનું ભૌતિક શરીર ભલે આજે નથી, પણ એમનું આધ્યાત્મિક શરીર કાયમ વિશ્વના વાયુમંડળમાં રહેલું છે,અને એ કાયમ લાયક શિષ્યોને શોધતા જ રહે છે. પરમાત્મા કરતાંએ લાયક સદગુરુ શ્રેષ્ઠ છેએમ કહીએ તોયે ખોટું નથી. પરમાત્માએ સંસારની રચના જ એવી કરી છે કે બધા જીવો ભક્તિ કરી શક્તા નથી. માતાપિતા જે જન્મ આપે છે તે સધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે.સદગુરુ સદ્દિશષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતાપુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે.જ્યારે ગુરુશિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે.ગુરુને શિષ્ય માં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી.

એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે શિષ્ય ઊંઘી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છે એવામાં એક સર્પ ત્યાં આવે છે, ને કહે છે કે, હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ, શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે, માટે તું શિષ્યને નહીં,મને કરડ. તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે. પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્ય નો સંબંધ નિઃસ્વાર્થ હોય છે. પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિતમાં છે. માતૃશુદ્ધિ,પિતૃશુદ્ધિ,દ્રવ્યશુદ્ધિ, અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ.આવા સદશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વર દાન થાય છે. સદગુરુતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ એક છે. ઈશ્વર જે વ્યાપક છે, તેમ ગુરુ પણ વ્યાપક છે.જેનો અભાવ કોઈ ઠેકાણે નથી તે વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે.

સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી.જે સંત થાય તેનેસંત મળે.સંત થવા માટે વ્યવહારને અતિશુદ્ધ બનાવજો. મૂઠી ચણાની જરૂર છેત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી.પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ.

સંત થવા માટે મનને બદલવાની જરૂર છે,જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી.

ગુરુદેવ બ્રહ્માસમ છે. તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુ સમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે.ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે.ગુરુ વગર રહેશો નહીં.તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે.તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે.કથા વાર્તા સાંભળતા પ્રભુના નામમાં મારી પ્રીતિ થઈ.વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો.ભગવાન ને મારા ઉપર દયા આવી.હું ગંગા જીમાં સ્નાન કરીનેઆવતો હતો. રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલનાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ.ગુરુ દક્ષિણામાંગુરુ દેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું.શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય?પણ તુકારામનીવાણી ગૂઢાર્થ ભરેલી છે,તુપ એટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે,તું પુરુષ છે. તું તારું પુરુષત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં. મને આજ્ઞા કરી કે તારું અભિમાન મને આપ.આજ થી હુંપણું રાખીશ નહીં.તું પુરુષ નથી.તું સ્ત્રી નથી. કોઈનો પુત્ર નથી બધાના દેહના ભાવ તું મનેઅર્પણ કર.તું શુદ્ધ છે,તું બ્રહ્મ છે,તું ઈશ્વર નો આશ છે.આમ જીવ નો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો.

જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ.ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌક્કિ હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દષ્ટિ પણ બ્રહ્મ દષ્ટિ હતી. શુકદેવજી પ્રત્યેકને સમ ભાવથી જુએ છે.જે દષ્ટિ બ્રહ્મ મય છે,તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદગુરુ છે. બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુક દેવજી જેવા બ્રહ્મદષ્ટિ રાખનારા સુલભ નથી.


શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાત મિનિટમાં મુક્તિ અપાવે. પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ. મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તમ છે. બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો, ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં. ત્રણ પ્રકારના શ્રોતાવક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારે એ વૃત્તિથી કથા કરતા. શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે.પ્રથમ વ્યાસ જીનું.બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું. જુવાનીમાં મંગલાચરણ, મંગલઆચરણની બહુજ જરૂરછે એટલે શુકદેવજીનું મંગલાચરણ ૧૨ શ્લોકનું અને બાકીનાં મંગલા ચરણ એક-એક શ્લોકનાં છે. સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય. સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે. જ્ઞાન,ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળ આની જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્ય હતાં.જ્ઞાનીનું હૃદય શ્રી કૃષ્ણ પ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામનું?

પરીક્ષિતરાજા શુકદેવજીને પૂછેછે જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું?તે શું કરે,શું ન કરે? મનુષ્યમાત્રનું કર્તવ્ય શું?

શુકદેવજી બોલ્યાઃરાજન, તેં પ્રશ્ન સુંદર કર્યો છે.શ્રવણ કરો!તું મૃત્યુ ની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું.મૃત્યુની બીક રાખો.એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહીં?આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

### રાજામૌલિ તાન્ઝાનિયામાં સેટ બનાવવાના વિકલ્પો શોધી રહ્યા છે


# રાજામૌલિનું પ્રિયંકા અને મહેશબાબુ સાથે કેન્યાનું શૂટ રદ થયું



ફિલ્મ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલિ એક મોટા બજેટની જંગલ એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા હોવાના અહેવાલ અવાર નવાર આવી રહ્યા છે, જેમાં પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુ લીડ રોલમાં છે. તેમણે આ ફિલ્મ માટે હૈદ્રાબાદમાં અને ઓરિસ્સામાં શૂટ કરી લીધું હોવાના પણ અહેવાલો આવ્યા છે. જોકે, હજુ સુધી રાજામૌલિની ટીમ, પ્રિયંકા કે મહેશબાબુ તરફથી આ અંગે કોઈ જ વાત કરવામાં આવતી નથી. એવા અહેવાલ હતા કે ભારતનું શૂટ કરીને તેઓ કેન્યા જવા રવાના થયા હતા.પરંતુ હવે એવા અહેવાલો છે કે અચાનક જ રાજામૌલિએ કેન્યાનું શૂટિંગ રદ કરી દીધું છે અને તેઓ શૂટિંગનું સ્થળ પણ બદલી રહ્યાં છે. આફ્રિકાના દેશોમાં અજંપાભરી સ્થિતિને કારણે તેઓ ત્યાં શૂટ કરી શકે તેમ નથી. શરૂઆતમાં તેઓ જુલાઈ મહિનામાં કેન્યામાં શૂટ શરૂ કરવાના હતા, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર સરકાર વિરોધી આંદોલનો અને જનતાની અજંપાભરી સ્થિતી ધીરે ધીરે વધી રહી છે, ત્યારે ફિલ્મની ટીમે ક્રૂ અને કલાકારોને પ્રાથમિકતા આપવાનું વિચાર્યુ અને તેઓ અન્ય દેશમાં શૂટ કરી શકાય એવા સ્થળોના વિકલ્પો શોધી રહ્યા છે.એવી ચર્ચા છે કે રાજામૌલિ હવે સાઉથ આફ્રિકા અને તાન્ઝઆનિયામાં શૂટ કરવાના વિકલ્પો શોધી રહ્યા છે, જ્યાં તેમની કલ્પના અને ઈચ્છા મુજબના ભૌગોલિક સ્થળો અને વિસ્તારો મળી રહેશે. ફિલ્મના એક ક્રૂ મેમ્બરના જણાવ્યા અનુસાર, ''રાજામૌલિ સર સ્પષ્ટ હતા કે એમને એવા સ્થળોમાં શૂટ કરવું છે, જે ભારતીય સિનેમામાં પહેલાં ક્યારેય જોવા ન મળ્યા હોય. તાન્ઝાનિયાના પહાડો અને સાઉથ આફ્રિકાના કેટલાક હિસ્સા તેમાં બંધ બેસે છે.'' આ અહેવાલોમાં આગળ એવું પણ જણાવાયું છે કે પ્રોડક્શન ટીમ હવે અન્ય સ્થળો પર શૂટ કરવાના વિકલ્પો શોધી રહી છે. જો તેમને શૂટ માટે મંજુરી મળી હઈ તો તેઓ જુલાઈના ત્રીજા અઠવાડિયા સુધીમાં સાઉથ આફ્રિકામાં શૂટ શરૂ કરી દેશે.

**ચાહકોમાં ખુશીની લહેર વ્યાપી** | કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા પુત્રીના માતા-પિતા બની ગયા

# સિદ્ધાર્થ મલ્હોત્રા બન્યા પિતા, કિયારા અડવાણીએ પુત્રીને જન્મ આપ્યો



૨૦૨૩ માં લગ્ન કરનાર બોલિવૂડના પ્રિય કપલ કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા પુત્રીના માતા-પિતા બની ગયા છે! આ ખુશખબર સામે આવતા જ ચાહકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા હવે માતા-પિતા બની ગયા છે. તાજેતરમાં જ અભિનેત્રીને પરિવાર સાથે હોસ્પિટલ બહાર સ્પોટ કરવામાં આવી હતી, અને હવે રિપોર્ટ સામે આવ્યા છે કે કિયારા અડવાણીએ બેબી ગર્લ ને જન્મ આપ્યો છે. જોકે, કપલે હજુ સુધી સત્તાવાર પોસ્ટ શેર કરી નથી, પરંતુ ચાહકો તેમને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવી રહ્યા છે.જે લોકો નથી જાણતા તેમને જણાવી દઈએ કે કિયારા અને સિદ્ધાર્થનું આ પહેલું સંતાન છે. મેટ ગાલા હોય કે સોશિયલ મીડિયા પરની તસવીરો, 'વોર ૨' ની અભિનેત્રી કિયારા અડવાણી તેની પ્રેગ્નન્સી જર્નીને એન્જોય કરતી જોવા મળતી હતી.ઉલ્લેખનીય છે કે કિયારા અડવાણીએ લગભગ ત્રણ વર્ષ સુધી સિદ્ધાર્થ મલ્હોત્રાને ડેટ કર્યા બાદ ૨૦૨૩ માં રાજસ્થાનમાં ધામધૂમથી લગ્ન કર્યા હતા. આ કપલે ૨૮ ફેબ્રુઆરીના રોજ પોતાની પ્રેગ્નન્સીની ખુશખબરી ચાહકો સાથે શેર કરી હતી. આ નવજાત બાળકીના આગમનથી મલ્હોત્રા અને અડવાણી પરિવારોમાં આનંદનો માહોલ છે.

### દિનેશ વિજાન 'વોર ૨' સાથે

# આયુષ્માન અને રશ્મિકાની 'થામા'નું ટીઝર લોંચ કરશે

### આયુષ્માન અને રશ્મિકાની થામા દર્શકોને એવી દુનિયામાં લઈ જશે કે તેમનું મગજ ચકરાઈ જશે





કોવિડ પછી દિનેશ વિજાને પોતાનું હોરર કોમેડી યુનિવર્સ વિકસાવ્યું છે. જેમાં ભેડિયા, મુંજ્યા અને સ્ત્રી ૨ જેવી ફિલ્મ આવી છે. હવે ફરી ૨૦૨૫ની દિવાળી પર ઓડિયન્સને આ યુનિવર્સની વધુ એક ફિલ્મ થામા રિલીઝ થઈ રહી છે. તેમાં આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના લીડ રોલમાં જોવા મળશે. આ ઉપરાંત તેમાં પરેશ રાવલ અને નવાઝુદ્દીન સિદ્દિકી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં હશે. દિનેશ વિજાનની આ ફિલ્મ સાથે જોડાયેલા સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, દિનેશ વિજાન સ્વાતંત્ર્ય દિવસના વીકેન્ડ પર થામાનું ટીઝર લોંચ કરશે. સુત્રએ જણાવ્યું છે, ''દિનેશ વિજાન રિતિક રોશન અને જુનિયર એનટીઆરની વૉર ૨ સાથે સ્વાતંત્ર્ય દિવસના વિકેન્ડમાં થામાનું ટીઝર લોંચ કરવા માટે દેશભરનાં એક્ઝિબિટર્સ સાથે વાત કરી રહ્યા છે. તેઓ સહમત પણ થયા છે આ યુનિવર્સની વધુ એક ફિલ્મનાં પ્રકરણની ઝલક બતાવવા ઉત્સુક છે. '' સુત્રએ આગળ એવું પણ જણાવ્યું કે થિયેટરમાં ફિલ્મ જોવા જતાં ઓડિયન્સને આ ફિલ્મની ઝલક મોટા પડદે બતાવાય અને તેમને જાણ કરવામાં આવે કે ફિલ્મ દિવાળી પર રિલીઝ થઈ રહી છે. અન્ય એક સુત્ર પાસેથી મળતી માહિતી અનુસાર, થામાનું ટીઝર એવું હશે જે જોઈને લોકોનું મગજ ચકરાઈ જશે, કારણ કે તે દર્શકોને અલગ જ દુનિયામાં લઈ જશે. આ હિન્દી સિનેમાની પહેલી વેમ્પાયર ફિલ્મ છે, જેમાં એ લિસ્ટનાં કલાકારો છે. મેડોકની અન્ય ફિલ્મની જેમ કોમેડી અને થ્રિલથી ભરપુર હશે. આ ફિલ્મમાં વરુણ ધવનનો એક કેમિયો પણ જોવા મળશે. કારણકે વરુણ ધવનની મેડોકની ફિલ્મ ભેડિયાના ડિરેક્ટર આદિત્ય સતપોદાર આગળ જઈને વેમ્પાયર વર્સીસ વેરવુલ્ફની વાત આ યુનિવર્સમાં સમાવવા માગે છે.

# વરુણ ધવન અને જહાન્વીની ફિલ્મની રિલીઝ ૨ ઓક્ટોબર સુધી પાછી ઠેલાઈ



### આ વર્ષે ગાંધી જયંતિ અને દશેરા એક જ દિવસે છે, તેથી તહેવારોના દિવસોમાં વધુ લોકો ફિલ્મ જોવા જશે

વરુણ ધવન અને શશાંક ખૈતાનની જોડી ફિલ્મમાં અત્યાર સુધીમાં સફળ રહી છે, તેમની 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' ૨૦૧૪માં આવી હતી અને 'બદ્રીનાથ કી દુલ્હનિયા' ૨૦૧૭માં આવી હતી. હવે આ જોડી ત્રીજી ફિલ્મ સાથે આવી રહી છે, 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી'. વરુણ ધવન સાથે આ ફિલ્મમાં જહાન્વી કપૂર લીડ રોલમાં છે. આ ફિલ્મ પહેલાં ૧૨ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી. હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ હવે ૨ ઓક્ટોબર સુધી પાછી ઠેલાઈ છે. સુત્ર દ્વારા માહિતી મળી છે કે, ''સન્ની સંસ્કારી કી તુલસી કુમારી પોસ્ટપોન થઈ છે. હવે આ ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થશે. ફિલ્મના પ્રોડ્યુસર કરણ જોહર અને ટીમને આ સમય રિલીઝ માટે યોગ્ય લાગે છે. આ વર્ષે ગાંધી જયંતિ અને દશેરા એક જ દિવસે છે, તેથી તહેવારોના દિવસોમાં વધુ લોકો ફિલ્મ જોવા જશે, બીજું કે, દિવાળી સુધી આ ફિલ્મ સામે હરિફાઈમાં બીજી કોઈ ફિલ્મ આવશે નહીં. આમ આ ફિલ્મને ત્રણ અઠવાડિયા સુધી એકલા જ બોક્સ ઓફિસ પર રાજ કરવા મળશે.''છતાં આ ફિલ્મ સામે 'કંતારાઃ અ લિજેન્ડ – ચેપ્ટર ૧' અને હર્ષવર્ધન રાણેની 'એક દિવાને કી દિવાનિયત' ફિલ્મ પણ રિલીઝ થવાની છે. બીજું એક ફિલ્મની રિલીઝ પાછી ઠેલાવાથી જહાન્વીની બે ફિલ્મની રિલીઝ વચ્ચે પણ અંતર જળવાઈ રહેશે. તેની 'પરમ સુંદરી' ૨૯ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. બીજી તરફ વરુણ ધવન પાસે ૨૦૨૫માં એક માત્ર ફિલ્મ રિલીઝ થઈ રહી છે, 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી'. તેની 'બોર્ડર ૨' ૨૦૨૬ના પ્રજાસત્તાક દિને રિલીઝ થવાની છે. વરુણ અને જહાન્વીની ફિલ્મમાં અક્ષય ઓબેરોય, રોહિત સરાફ, સાન્યા મલ્હોત્રા અને મિનષ પોલ પણ મહત્વના રોલમાં જોવા મળશે.

**મહાન કહાની હોવા છતાં હોલિવૂડની ફિલ્મો કરતાં ઓછો ખર્ચઃ પ્રોડ્યુસર**

# ભારતની સૌથી મોંઘી ફિલ્મ, ૪૦૦૦ કરોડમાં બનશે 'રામાયણ'

### રામાયણનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થવાનો છે

રણબીર કપૂર અને યશ સહિતની કાસ્ટ, તેમાં થયેલાં ગ્રાફિક્સ અને ટેક્નોલોજીના ઉપયોગ અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સને લઈને તો 'રામાયણ' ચર્ચામાં છે જ. સાથે જ તેમાં અમિતાભ બચ્ચન, સાઈ પલ્લવી, સની દેઓલ, લારા દત્તા સહિતના કલાકારોની પ્રભાવશાળી કાસ્ટ છે. બે ભાગમાં બની રહેલી આ ફિલ્મ ભવ્ય તો હશે જ, હવે આ ફિલ્મના બજેટ અંગે પણ નવા અહેવાલો આવી રહ્યા છે. જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ફિલ્મ લગભગ ૪૦૦૦ કરોડનાં બજેટમાં બની રહી છે, આમ તે ભારતીય ફિલ્મના ઈતિહાસમાં સૌથી મોંઘી ફિલ્મ બની જશે.તાજેતરમાં આ ફિલ્મના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ આ ફિલ્મના બજેટ અંગે કેટલીક વાતો જાહેર કરી છે. પ્રાઈમ ફોકસ પ્રોડક્શનના સીઈઓ અને 'ઈન્સેપ્શન', 'ઈન્ટરસ્ટેલર' અને ડ્યુન જેવી ફિલ્મમાં રોકાણ કરનાર નમિત મલ્હોત્રાએ કહ્યું કે અમે કોઈ પાસેથી પૈસા લીધાં નથી, આ એક ઘણી મહત્વાકાંક્ષી ફિલ્મ છે. તે તેમના માટે કેમ એક અંગત મિશન જેવી ફિલ્મ છે, તે અંગે વાત કરતા નમિત મલ્હોત્રાએ જણાવ્યું, ''અમે અમારી ફિલ્મનો ખર્ચ અમારા પોતાના નાણાંમાંથી કરી રહ્યા છીએ. અમે જ્યારે છ-સાત વર્ષ પહેલાં, પેન્ડેમિક પછી અમે જ્યારે શરૂઆત કરી ત્યારે લોકોને લાગતું હતું કે અમે પાગલ છીએ. અત્યાર સુધીમાં કોઈ ભારતીય ફિલ્મ આ બજેટની નજીક પણ આવી શકી નથી.''નમિત મલ્હોત્રાનો અંદાજ છે કે જ્યારે બંને ભાગ બની જશે, ત્યારે લગભગ ૫૦૦ મિલિયન ખર્ચ થશે, જે કેટલીક જાણીતી હોલિવૂડ ફિલ્મના ખર્ચ જેટલો છે. તેમણે આગળ જણાવ્યું, ''અમે એક મહાન કહાણી માટે દુનિયાની સૌથી મોટી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ, એક એવું મહાકાવ્ય જે દુનિયાએ જોવું જોઈએ. હજુ પણ મને લાગે છે કે કેટલીક હોલિવૂડ ફિલ્મની સરખામણીએ આ ફિલ્મ ઘણી સસ્તી બની રહી છે.''આવી મોટા બજેટની ફિલ્મ બનાવવાનાં સપનાની શરૂઆત અંગે વાત કરતા તેમણે કહ્યું કે બાળપણમાં તેમણે જુરાસિક પાર્ક ફિલ્મ જોઈ હતી, જેનાથી એક કાલ્પનિક પણ લોકોને વાસ્તવિક લાગે તેવી દુનિયાની શક્યતાએ તેમની કલ્પનાઓને પાંખો આપી. તેમણે ક્યારેય કોઈ ફિલ્મ ડિરેક્ટ કરી નથી પરંતુ તેમણે એક વિશ્વ કક્ષાનું પોસ્ટ પ્રોડક્શન અને વિઝ્યુઅલ ઈફેક્ટ પાવરહાઉસ ખડું કર્યું છે, જેમાં કેટલીક ઓસ્કાર વિજેતા ફિલ્મ બનીને તૈયાર થઈ છે. પરંતુ આ સપના સાથે ભારતીય ફિલ્મ માટે વિશ્વમાં સન્માનની ખામી પણ તેમને અકળાવતી હતી. નમિતે આ અંગે કહ્યું, ''એમણે આપણી જે પણ ફિલ્મ જોઈ છે, તેમાં આપણે તકલીફનો ભોગ બનેલાં હોઈએ, આપણે ગરીબ હોઈએ અને હંમશા દુનિયાએ આપણી સાથે કમનસીબ લોકો જેવું જ વર્તન કર્યું છે.'' દુનિયાના લોકો પોતાને ભારતીય ફિલ્મ સાથે જોડી શકતાં નહોતાં. આ વાતથી જ નમિતને રામાયણ પર કામ કરવાનો જુસ્સો વધ્યો. તેઓ ઈચ્છે છે કે ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને અત્યાર સુધીના સૌથી મહાન મહાકાવ્ય રૂપે તેઓ વિશ્વ સમક્ષ મુકે.અગાઉ જાહેર થયેલી રિલીઝ ડેટ મુજબ આ રામાયણનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થવાનો છે. હજુ પહેલો ભાગ રિલીઝ થવાને લગભગ એક વર્ષની વાર છે, તેમ છતાં જેમ જેમ આ ફિલ્મ વિશે વિવિધ પ્રકારના અહેવાલ આવતા જાય છે.



આ ફિલ્મ સ્ટ્રીટ ફાઇટર ફ્રેન્ચાઇઝી પર આધારીત છે, જે ૧૯૮૭માં લોંચ કરવામાં આવી હતી

### સ્ટ્રીટ ફાઈટર યુનિવર્સમાં ધલસિમનો રોલ કરશે


# વિદ્યુત જામવાલનું હોલિવૂડમાં ડેબ્યુ શાંત અને શક્તિશાળી યોગી બનશે

એક્શન ફિલ્મ માટે જાણીતો કલાકાર વિદ્યુત જામવાલ હવે હોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેકેપકોમ વીડિયો ગેમ ફ્રેન્ચાઈઝી આધારીત સ્ટ્રીટ ફાઈટર પરથી બની રહેલી એક ફિલ્મ છે, જે લિજેન્ડરી એન્ટરટેઈન્મેન્ટની લાઈવ એક્શન ફિલ્મ હશે. વિદ્યુત આ ફિલ્મમાં ધલસિમનું પાત્ર કરશે. આ રોલ વિદ્યુત જામવાલની કેરિઅર માટે પણ મહત્વનનો છે, તેના હોલિવૂડ ડેબ્યુની ઘણા સમયથી રાહ જોવાતી હતી.આ ફિલ્મ બેડ ટ્રિપથી જાણીતા ડિરેક્ટર કિતાઓ સકુરાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, આ ફિલ્મના પ્લોટ અંગે હજુ સુધીમાં કોઈ વધુ માહિતી જાહેર થઈ નથી. આ ફિલ્મની કાસ્ટ નક્કી થઈ છે, તે ઘણી પ્રભાવશાળી છે. આ ફિલ્મમાં એન્ડ્રુ કોજી ર્યુના રોલમાં, નોઆ સેન્ટેનિયો કેનના રોલમાં, કોલિના લિઆંગ ચુન લિના રોલમાં અને જેસન મોમ્વા બ્લાંકાના રોલમાં જોવા મળશે. વિદ્યુત જામવાલ એક એવા યોગીના રોલમાં હશે, જે શાંત હોવા છતાં આગ જેટલો શક્તિશાળી છે, તે ધલસિમનું પાત્ર કરશે, જે સ્ટ્રીટ ફાઈટર યુનિવર્સ સાથે જોડાયેલો છે.તે માર્શલ આર્ટનો પણ જાણકાર છે, ફિલ્મમાં પણ અને વાસ્તવિક જીવનમાં પણ. વિદ્યુત જામવાલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાના સ્ટંટ સીન પોતે જ શૂટ કરવા માટે જાણીતો છે, તેની આ સ્કિલનું ઉદાહરણ તેની 'કમાન્ડો' અને 'ખુદા ગવાહ'માં પણ જોવા મળ્યું છે. ધલસિમનું તેનું પાત્ર પણ તેના વ્યક્તિત્વનું જ એક સ્વરૂપ છે, જેમાં આધ્યાત્મિક ઊંડાણ અને શારિરીક તાકાત જોવા મળે છે. આ ફિલ્મની વાર્તા અંગે તો કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. પરંતુ તેમાં ઓરિજીનલ ગેમ સિરીઝના વિષયને વળગી રહેવાનું નક્કી થયુ છે, તેમાં એક ગ્લોબલ ફાઈટિંગ ટુર્નામેન્ટ દર્શાવાશે, જે એમ બાયસન દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટર ફ્રેન્ચાઈઝી પર આધારીત છે, જે ૧૯૮૭માં લોંચ કરવામાં આવી હતી, એ આજે પણ સફળ છે અને ગેમની દુનિયામાં લોકપ્રિય છે, જેના અત્યાર સુધીમાં ૫૫ મિલિયન યુનિટ વેચાઈ ગયા છે. આ પહેલાં પણ આ સિરીઝ પરથી ફિલ્મ બનાવવાના પ્રયત્ન થયા છે.

### કન્નડ અભિનેત્રી રાન્યા રાવને

# સોનાની દાણચોરીના કેસમાં ૧ વર્ષની જેલની સજા

### આદેશ મુજબ ત્રણેયને એક વર્ષની જેલની સજા દરમિયાન જામીન માટે અરજી કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે



સોનાની દાણચોરીના કેસમાં કન્નડ અભિનેત્રી રાન્યા રાવને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ આદેશ ફોરેન એક્સચેન્જ કન્ઝર્વેશન એન્ડ સ્મગલિંગ પ્રિવેન્શન એક્ટ એડવાઈઝરી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં રાન્યા રાવ સાથે અન્ય બે આરોપીઓનો પણ સમાવેશ થાય છે.આદેશ મુજબ ત્રણેયને એક વર્ષની જેલની સજા દરમિયાન જામીન માટે અરજી કરવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. એટલે કે, સમગ્ર સફફફફફજા દરમિયાન તેમાંથી કોઈ પણ જામીન માટે અરજી કરી શકશે નહીં. રાન્યા ફિલ્મ 'માણિક્ય'માં કન્નડ સુપરસ્ટાર સુદીપ સાથેની ભૂમિકા માટે જાણીતી છે. રાન્યાએ અનેક દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેની ચાલુ વર્ષે ૩ માર્ચે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૧૪.૮ કિલો સોના સાથે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રાન્યા વારંવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસોને કારણે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ ની દેખરેખ હેઠળ હતી. ૩ માર્ચની રાત્રે જ્યારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તે દુબઈથી અમીરાતની ફ્લાઈટમાં બેંગલુરુ પહોંચી હતી. ડીઆરઆઈ અધિકારીઓએ કહ્યું હતું કે અભિનેત્રી રાન્યા રાવે મોટાભાગનું સોનું પહેર્યું હતું, અને તેણે પોતાના કપડાંમાં સોનાની લગડી પણ છુપાવી હતી. રાન્યાના સાવકા પિતા રામચંદ્ર રાવ એક વરિષ્ઠ આઈપીએસ અધિકારી છે. ડીઆરઆઈએ કહ્યું હતું કે એરપોર્ટ પહોંચતા જ રાન્યા પોતાને એક આઈપીએસની પુત્રી ગણાવતી હતી અને સ્થાનિક પોલીસ કર્મચારીઓને ઘરે મૂકવા માટે બોલાવતી હતી.

લીમડી મુકામે ધરતી આબા ઉત્કર્ષ અભિયાનનુ સમાપન કરવામાં આવ્યું

# ઝાલોદ તાલુકાના લીમડી મુકામે ધરતી આબા ઉત્કર્ષ અભિયાન ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતીમા યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ભારત સરકાર દ્વારા દેશના વિકાસને વેગવંતો બનાવવાના વિશેષ ભાગરૂપે એક વિશેષ અભિયાન તરીકે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન થકી આદિવાસી વસ્તી ધરાવતા ગામોમાં પાયાની માળખાકીય સુવિધાઓ તેમજ વ્યક્તિલક્ષી યોજનાઓ સ્થળ પર જ લાભ મળે તે માટે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન વિવિધ તાલુકાઓમાં યોજવામાં આવી રહેલ છે. તે સંદર્ભે ઝાલોદ લીમડી કન્યા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતીમા પ્રોગ્રામ યોજાયો હતો.

આજના પ્રોગ્રામ સંદર્ભે ધારાસભ્ય મહેશ ભૂરીયા આવતા તેઓનું ઢોલ નગારા તેમજ કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું ત્યાર બાદ સ્વાગત ગીત, પ્રાર્થના તેમજ દિપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત ધારાસભ્ય તેમજ પદાધિકારીઓનુ સન્માન આદિવાસી બંડી તેમજ તીર કામઠા આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઝાલોદ તાલુકામાં ધરતી આબા ઉત્કર્ષ અભિયાન હેઠળ આ પાંચમો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો આજના આ પ્રોગ્રામ સાથે તાલુકા કક્ષાના આ પ્રોગ્રામનુ સમાપન કરવામાં આવ્યું હતું. આજના આ સમાપન પ્રોગ્રામમાં ૩૬ ગામોનો સમાવેશ થયેલ હતો જેઓને એક જ સ્થળે સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. સ્કૂલની વિધાર્થીનીઓ દ્વારા સરકારી યોજનાનો લાભ કેવી રીતે લેવો તેનું નાટક ભજવી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમજ આઈ.સી.ડી.એસની બહેનો દ્વારા વિવિધ વાનગીઓ બનાવી સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આજના પ્રોગ્રામ સંદર્ભે ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું કે ભાજપ સરકાર લગાતાર ગ્રામ્ય લક્ષી વિવિધ યોજનાઓ બનાવી તેના વિકાસ માટે નિરંતર પ્રયાસ કરી રહેલ છે. સરકાર સાથે ગ્રામ્ય વિસ્તારનો દરેક માનવી જોડાઈ સરકારની દરેક યોજનાઓનો લાભ લઈ પોતાના અને દેશના વિકાસમાં ફાળો આપી શકે છે. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારની તકલીફ સમજી અવારનવાર પ્રાથમિક જન સુવિધા ગ્રામ્ય કક્ષા સુધી પહોંચે અને તેનો લાભ દરેક ગ્રામ્ય વિસ્તારનો નાગરિક લે. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા અનેક સરકારી ગ્રામ્ય યોજનાઓ વિશે માહિતી આપી તેનો લાભ લેવા સૂચન કરેલ હતું. આજના પ્રોગ્રામમાં ધારાસભ્ય મહેશ ભૂરીયા, પ્રાંત અધિકારી, મામલતદાર, ટીડીઓ, સીડીપીઓ, સરપંચો, આગેવાનો ઉપસ્થિત રહી પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.

# મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ૧૬૧ સરકારી-સમરસ છાત્રાલયોમાં ૧૬,૫૯૭ વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રથમ મેરીટ યાદી પ્રસિદ્ધ કરાઈ



। (માહિતી) ગાંધીનગર, તા.૧૭ ।

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા અને રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી ૧૬૧ સરકારી-સમરસ છાત્રાલયમાં નવા સત્રમાં પ્રવેશ મેળવનાર કુલ ૧૬,૫૯૭ વિદ્યાર્થીઓની ઓનલાઈન મેરીટ યાદી પ્રસિદ્ધ કરાઈ હતી. આજે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એમાં નવા સત્રમાં અરજી કરનાર વિદ્યાર્થીઓ સિવાયના તમામ વિદ્યાર્થીઓની પ્રથમ રાઉન્ડની યાદી જાહેર કરવામાં આવી છે. આ મેરીટ યાદીમાં અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળ ૮૦ છાત્રાલયોના ૨,૨૩૧ કુમાર અને ૧,૬૭૧ કન્યા મળીને કુલ ૩,૯૦૨ વિદ્યાર્થીઓ તેમજ વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૫૮ છાત્રાલયોના ૧,૮૫૫ કુમાર અને ૯૬૫ કન્યા મળીને કુલ ૨,૮૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળના ૨૩ છાત્રાલયોના ૫,૩૨૨ કુમાર અને ૪,૫૫૩ કન્યા મળીને ૯,૮૭૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને જરૂરી દસ્તાવેજોનું વેરિફિકેશન કરી વર્ષ ૨૦૨૫-૨૬ માટે છાત્રાલયોમાં પ્રવેશ આપ વામાંઆવશે.આજેમેરીટયાદીમાંપસંદગીપામનાર વિદ્યાર્થીઓને મોબાઈલમાં SMS માધ્યમથી જાણકારી આપવામાં આવી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિવિધ સરકારી



છાત્રાલયો તેમજ સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી, આ અરજીઓની ચકાસણી બાદ મેરીટ આધારે પ્રવેશ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમામ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે અને ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે રાજ્યમાં સરકારી છાત્રાલયો શરૂ કરાવવામાં આવ્યા છે. આ છાત્રાલયોમાં ધો-૧૧ થી લઈ પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ અને સગવડો સાથે પ્રવેશ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી મોહમ્મદ શાહીદ, અનુસુચિત જાતિ કલ્યાણ નિયામક શ્રી રચિત રાજ, વિકસતી જાતિ કલ્યાણ નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'અટલ લેક્ચર સિરીઝ'નું ગાંધીનગરથી શુભારંભ કરાવતા વડાપ્રધાનશ્રીના આર્થિક સલાહકાર સમિતિના સભ્ય ડો. સૌમ્ય કાંતિ ઘોષ અને રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી

। (માહિતી) ગાંધીનગર, તા.૧૭ ।

ARTD-GAD સ્પીપા, ગાંધીનગર દ્વારા આયોજિત અને 'ધ સેક્રેટ્રીએટ'ના સહયોગથી પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે- ગુડ ગવર્નન્સને ધ્યાનમાં રાખીને 'અટલ લેક્ચર સિરીઝ'નું શુભારંભ વડાપ્રધાનશ્રીના આર્થિક સલાહકાર સમિતિના સભ્ય ડૉ. સૌમ્ય કાંતિ ઘોષ અને રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે,પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે, રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીપા દ્વારા દેશ અને રાજ્યની પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે મળીને ''અટલ સંસ્કાર વ્યાખ્યાન શ્રેણી''નું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. જેમાં દેશ અને રાજ્યભરના વિવિધ વિષયના નિષ્ણાંતો ભાગ લઈને ગુડ-ગવર્નન્સ અને દેશની નીતિઓને લગતા મુદ્દાઓ પર વ્યાખ્યાયન કરશે. જેના ભાગરૂપે 'અટલ લેક્ચર સિરીઝ' શ્રેણીનો પહેલો વ્યાખ્યાન સ્પીપા, ગાંધીનગર ખાતેથી શરૂ કરવામાં આવ્યો હતો.

વધુમાં તેમણે ઉમેર્યું કે, 'અટલ લેક્ચર સિરીઝ' પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ માત્ર એક વર્ષગાંઠની ઉજવણી નહીં, પરંતુ એક એવા જીવનની ઉજવણી છે કે, જે સંપૂર્ણ રીતે રાષ્ટ્રસેવામાં સમર્પિત રહ્યા છે. અટલજીના ગુડ-ગવર્નન્સના પરિણામે આજે ભારતભરમાં તા.૨૫ ડિસેમ્બરે 'સુશાસન દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

વધુમાં શ્રી જોશીએ કહ્યું કે, 'અટલ લેક્ચર સિરીઝ' અટલજીના વિચારો અને મૂલ્યોને માત્ર સ્મરણ કરવાનું સાધન નથી, પરંતુ દેશના વિદ્યાર્થીઓ,યુવાનો અને નાગરિકોને પ્રેરિત કરતી એક નવી દિશા છે. પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલજીના જીવનમાં લોકશાહી, વિકાસ અને વિદેશ નીતિ જેવા મુદ્દાઓ ખૂબ મહત્વના રહ્યા છે. આ તમામ વિષયો પર ચર્ચા અને વિચારમંથન કરવા માટે આ મંચ એક મહત્વપૂર્ણ અવસર છે. 'અટલ લેક્ચર સિરીઝ' અટલજીના દ્રષ્ટિકોણને વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદરૂપ રહેશે અને રાષ્ટ્રપ્રથમની ભાવનાને વધુ બળ મળશે તેમ મુખ્ય સચિવશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગ્રુપના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. સોમ્ય કાંતિ ઘોષે ભારતીય અર્થતંત્ર તથા પ્રશાસકીય સુધારામાં શ્રી બાજપાયીજીના યોગદાનને યાદ કર્યા હતા. તેમજ પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીના સમયના ભારત તેમજ તેઓ દ્વારા ઘડવામાં આવેલી વિવિધ નીતિઓ વિશે વિસ્તૃતમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, અટલજીનું જીવન દેશને સુશાસન તરફ જોડતી અમૂલ્ય કડી છે જેના ભાગરૂપે દેશના વિવિધ ક્ષેત્રો જેમ કે, બેંકિંગ ક્ષેત્રના સુધારા, ટેલિકોમ ઉદ્યોગમાં ક્રાંતિ, પાવર ક્ષેત્રના સુધારા, ખાનગીકરણ, વીમા ક્ષેત્રની વૃદ્ધિ, પેન્શન અને પરિવહન ક્ષેત્રે વૃદ્ધિ ,દેશની મૂડી-ખર્ચ, રાજકોષીય નીતિ, 'ઓપરેશન શક્તિ' જેવા વિવિધ વિષયો પર પ્રકાશ પાડી દેશના વિકાસ વિશે આંકડાકીય માહિતી આપી હતી. તેઓએ વિકસિત ભારતમાં ટકાઉ કૃષિ બજારના અમૂલ્ય યોગદાન વિશે પણ સૌને માહિતગાર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે,ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ભારતરત્ન સ્વ. અટલ બિહારી વાજપાયીજીની ૧૦૦ મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સરકાર સમગ્ર વર્ષ દરમિયાન ગુડ ગવર્નન્સ સંબંધિત વિષયો પર 'અટલ વ્યાખ્યાનમાળા'નું આયોજન કરે છે. આ વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન સ્પીપા કેમ્પસ, ગાંધીનગર ખાતે તા. ૧૬ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે,શ્રી ઘોષે ભારતમાં મુખ્ય આર્થિક નીતિઓને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે, તેમજ એક અગ્રણી અભ્યાસના સહ-લેખક તરીકે ભારતમાં ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારના પગારપત્રક ડેટાને એકત્રિત કર્યા છે. જેના કારણે EPFO અને ESIC દ્વારા માસિક પગારપત્રક ડેટા બહાર પાડવામાં આવ્યો હતો. ડો ઘોષ દ્વારા COVID-19 રોગચાળા દરમિયાન ખેડૂતો માટે PM-KISAN યોજના અને MSME તેમજ ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી યોજના (ECLGS)ને આકાર આપવામાં શ્રી ઘોષનું મહત્વનું યોગદાન રહ્યું છે.

આ પ્રંસગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર સહિત વિવિધ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવશ્રી, વડાઓ તેમજ મોટી સંખ્યામાં અધિકારીઓ – કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# તિહાર જેલ પરિસરમાં 'એક કદમ પ્રાકૃતિક કૃષિ કી ઓર' વિષયક વિશેષ કાર્યક્રમ યોજાયો

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના અનુભવો વર્ણવીને કેદીઓ તથા જેલ સ્ટાફને માર્ગદર્શન આપ્યું



। રાજભવન, તા.૧૭ ।

નવી દિલ્હીની તિહાર જેલના પરિસરમાં 'એક કદમ પ્રાકૃતિક કૃષિ કી ઓર' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના પ્રાકૃતિક કૃષિ અંગેના અનુભવો વર્ણવ્યા હતા અને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે, દિલ્હી સરકારના ગૃહ, ઉર્જા અને શિક્ષણ મંત્રી શ્રી આશિષ સૂદ, ગૃહ વિભાગના અગ્ર સચિવ શ્રી એ. અન્બરાસુ તેમજ જેલના ડિરેક્ટર જનરલ શ્રી સતીશ ગોલચા સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તિહાર જેલ પરિસરમાં ઉપલબ્ધ ખેતીલાયક જમીન પર પ્રાકૃતિક ખેતી કરવા તથા જેલમાં રહેલા કેદીઓને પણ આ પદ્ધતિની તાલીમ આપવાનું સૂચન કર્યું હતું, જેથી જેલમાંથી બહાર આવ્યા પછી કેદીઓ ફરીથી સમાજમાં સન્માનજનક જીવન જીવી શકે અને કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બની શકે.



પ્રધાનમંત્રીના આ સર્જનાત્મક અને પુનર્વસનલક્ષી વિચારને અનુલક્ષીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તિહાર જેલમાં જેલ વહીવટીતંત્ર અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કેદીઓને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી થતા ફાયદાઓ સમજાવ્યા હતા. આ ઉપરાંત, તેમણે પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક આધાર, માટી અને પર્યાવરણનું રક્ષણ, માનવ સ્વાસ્થ્ય પર સકારાત્મકઅસરઅનેઓછાખર્ચેવધુઉત્પાદનજેવા મહત્વપૂર્ણ પાસાઓ અંગે માહિતી આપી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના પ્રેરણાદાયી સંબોધનમાં રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવો વિશે કહ્યું કે, રાસાયણિક ખેતી લાંબા ગાળે જમીનની ફળદ્રુપતાને તો નષ્ટ કરે જ છે, પણ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે પણ અત્યંત હાનિકારક છે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો અંધાધુંધ ઉપયોગ જમીનની જૈવિક રચનાને નુકસાન પહોંચાડે છે, પાણીને પ્રદૂષિત કરે છે અને તેનાથી ઉત્પાદિત અનાજમાં પોષક તત્વોની માત્રામાં પણ ઘટાડો કરે છે, જેનાથી આપણા સ્વાસ્થ્ય પર ગંભીર અસર થાય છે.

રાજ્યપાલશ્રીએ ઓર્ગેનિક-જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો મૂળભૂત તફાવત સમજાવતાં કહ્યું કે, પ્રાકૃતિક ખેતી એ ઝીરો બજેટ, ટકાઉ અને સર્વાંગી ખેતી પદ્ધતિ છે, જે ખેડૂતની આર્થિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે અને પર્યાવરણના સંરક્ષણમાં પણ મદદ કરે છે. તેમણે કહ્યું કે, આ પદ્ધતિમાં ગાયના છાણ, ગૌમૂત્ર અને પ્રાકૃતિક ખાતર જેવા સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતાને પુનર્જીવિત કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોની જરૂરિયાત રહેતી નથી, માટે ખેતીનો ખર્ચ ઘણો ઓછો થાય છે. પરિણામે, ઉત્પાદન સ્વસ્થ, પૌષ્ટિક અને સંપૂર્ણપણે રસાયણમુક્ત બને છે, જે માનવ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

તેમણે એમ પણ કહ્યું કે, પ્રાકૃતિક ખેતી માત્ર ભૂગર્ભજળ અને જૈવવિવિધતાનું રક્ષણ જ નથી કરતી, પરંતુ ખેડૂતોને બાહ્ય ઈનપુટ્સ અને લોનના બોજમાંથી પણ મુક્ત કરે છે, જેનાથી ખેડૂતો આત્મનિર્ભર બને છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કેદીઓને પ્રાકૃતિક ખેતીને માત્ર કૃષિ તકનીક તરીકે નહીં, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ અને રાષ્ટ્ર નિર્માણ માટે એક વિશાળ જન આંદોલન તરીકે ગણવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, આ પદ્ધતિ માત્ર ખેતીનું ભવિષ્ય જ નથી, પરંતુ એક નવી જીવનશૈલીનો માર્ગ પણ પ્રશસ્ત કરે છે.

દિલ્હી સરકારના ગૃહ, ઉર્જા અને શિક્ષણ મંત્રી શ્રી આશિષ સૂદે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના નેતૃત્વમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીના અભિયાનની પ્રશંસા કરતાં કહ્યું કે, ગુજરાતમાં ૯.૫ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. તેમણે કહ્યું કે, તિહારમાં શરૂ થયેલી પ્રાકૃતિક ખેતી કેદીઓ માટે ના માત્ર આત્મનિર્ભરતાનું સાધન બનશે, તેનાથી ઉત્પાદિત પેદાશોનો ઉપયોગ જેલના રસોડામાં પણ થશે અને વધારાની પેદાશોનું 'તિહાર હાટ' દ્વારા વેચાણ કરવામાં આવશે.

આ પ્રસંગે મહાનુભાવોએ સેન્ટ્રલ જેલ નંબર ૧ ની મુલાકાત લીધી હતી, જ્યાં કેદીઓની મદદથી પ્રાકૃતિક ખેતી શરૂ કરવામાં આવી રહી છે. મહાનુભાવોએ સેન્ટ્રલ જેલ નંબર ૪ ની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમને જેલમાં સ્થાપિત આર્ટ ગેલેરી અને જ્યુટ બેગ, ન્ઈઠ્ઠ યુનિટ વગેરે જેવી ઈન-હાઉસ ઉત્પાદન પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

જેલના ડિરેક્ટર જનરલ શ્રી સતીશ ગોલચાએ મહેમાનોનું સ્વાગત કરતાં, કેદીઓના કલ્યાણ માટે જેલ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલી વિવિધ પહેલો અને જેલમાં શરૂ કરવામાં આવેલી પ્રાકૃતિક ખેતી વિશે માહિતી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપ ાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

## કોર્ટોમાં શૌચાલયની સુવિધાના અભાવ મુદ્દે સુપ્રીમ લાલઘુમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશની કોર્ટોમાં ટોયલેટ જેવી પાયાની સુવિધાની હાલત પર સુપ્રીમ કોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. બુધવારે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી કે દેશની ૨૫માંથી ૨૦ હાઈકોર્ટે હમણાં સુધી એ જણાવ્યું નથી કે તેમણે ટોયલેટની સુવિધા સુધારવા માટે કેવા પગલાં ભર્યા છે? સુપ્રીમ કોર્ટે ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫એ તમામ હાઈકોર્ટ, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચના આપી હતી કે દરેક કોર્ટમાં પુરુષ, મહિલા, દિવ્યાંગ અને ટ્રાન્સજેન્ડર્સ માટે અલગ-અલગ ટોયલેટ હોવા જોઈએ. નાગરિકો માટે ઉચિત સ્વચ્છતાની સુવિધા એ બંધારણની કલમ ૨૧ની અંતર્ગત એક મૌલિક અધિકાર છે. જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવને સુનાવણી દરમિયાન તમામ હાઈકોર્ટને રિપોર્ટ રજૂ કરવા માટે આઠ સપ્તાહનો સમય આપ્યો.સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી કે જો આ વખતે રિપોર્ટ રજૂ ન કર્યો તો હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલે ખુદે સુપ્રીમમાં હાજર થવું પડશે. આ મામલો વકીલ રાજીબ કલિતાની જાહેર હિતની અરજી સંબંધિત છે. બેન્ચે કહ્યું હતું કે જીવનના અધિકારમાં સ્વસ્થ અને સ્વચ્છ જીવનના અધિકાર તથા સન્માનની સાથે જીવવાનો અધિકાર પણ સામેલ છે.

## કાર-બાઈક વચ્ચે ભયંકર ટક્કર થતાં ૭ લોકોનાં મોત

। (એજન્સી) નાશિક, તા.૧૭ ।

મહારાષ્ટ્રના નાશિકમાં એક ભીષણ રોડ અકસ્માત સર્જાયો છે, જ્યાં કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ૭ લોકોના મૃત્યુ નીપજ્યાં થયા છે અને ૨ અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહ કબજે કરીને તપાસ હાથ ધરી છે. અહેવાલો અનુસાર, આ અકસ્માત બુધવારે (૧૬મી જુલાઈ) રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ નાસિકના ડિંડોરી રોડ પર વાણી પાસે સર્જાયો હતો. પોલીસના જણાવ્યાનુસાર, કાર અને બાઈક અથડાયા બાદ બંને વાહનો રસ્તાની બાજુમાં એક નાળામાં પડી ગયા હતા. મૃતકોમાં ૩ મહિલાઓ, ૩ પુરૂષો અને એક ૨ વર્ષીય બાળકનો સમાવેશ થાય છે. મૃતકોની ઓળખ ૨૮ વર્ષીય દેવીદાસ પંડિત ગાંગુર્ડે , ૨૩ વર્ષીય મનીષા દેવીદાસ ગાંગુર્ડે, ૪૨ વર્ષીય ઉત્તમ એકનાથ જાધવ, ૩૮ વર્ષીય અલકા ઉત્તમ જાધવ,૪૫ વર્ષીય દત્તાત્રેય નામદેવ વાઘમારે), ૪૦ વર્ષીય અનુસૂયા દત્તાત્રેય વાઘમારે અને ૨ વર્ષીય ભાવેશ દેવુરડે તરીકે થઈ છે.

### સૈન્યની વર્દી પહેરી દેશ સાથે ગદ્દારી!

## પંજાબમાં પાકિસ્તાનની ISI માટે જાસૂસી કરતો જવાન પકડાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

પંજાબ પોલીસના સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલ (SSOC) એ પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI)ને ગુપ્ત લશ્કરી માહિતી લીક કરવા બદલ ભારતીય સેનાના એક સેવારત સૈનિકની ધરપકડ કરી છે. પંજાબ પોલીસ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, આરોપીની ઓળખ દેવિન્દર સિંહ તરીકે થઈ છે, જે સંગરુર જિલ્લાના નિહાલગઢ ગામનો રહેવાસી છે. તેની ૧૪ જુલાઈના રોજ જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરીથી ધરપકડ કરવામાં આવી હતી.આ ધરપકડ એક પૂર્વ સૈનિક ગુરપ્રીત સિંહ ઉર્ફે ગુરી અથવા ફૌજીની ધરપકડ બાદ કરવામાં આવી છે, જેની જાસૂસીના આરોપ હેઠળ અટકાયત કરવામાં આવી હતી. ગુરપ્રીત સિંહની પૂછપરછમાં જાણવા મળ્યું કે, જ્યારે તે ફિરોઝપુર જેલમાં હતો, ત્યારે દેવિન્દર સેનાના સંવેદનશીલ દસ્તાવેજો મેળવવામાં સામેલ હતો. આ દસ્તાવેજોમાં કથિત રીતે ગુપ્ત માહિતી હતી, જે તેણે પાકિસ્તાનના ISIને સોંપી હતી.દેવિન્દર સિંહની ધરપકડ બાદ, અધિકારીઓએ તેને ૧૫ જુલાઈના રોજ મોહાલી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપીઓની વધુ પૂછપરછ માટે ૬ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, દેવિન્દર અને ગુરપ્રીત પહેલી વાર ૨૦૧૭માં પુણેના એક આર્મી કેમ્પમાં ટ્રેનિંગ દરમિયાન મળ્યા હતા. ત્યારબાદ, બંને સંપર્કમાં રહ્યા અને બાદમાં બંનેને સિક્કિમ અને જમ્મુ-કાશ્મીરમાં પોસ્ટ કરવામાં આવ્યા.ભારતીય સેનામાં તેમની સેવા દરમિયાન, બંને પાસે ગુપ્ત સૈન્ય સામગ્રી સુધીની પહોંચ હતી, જેમાંથી અમુક કથિત રૂપે ગુરપ્રીત દ્વારા લીક કરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું કે, જાસૂસી નેટવર્કમાં દેવિંદરની સટીક ભૂમિકાની હજુ સુધી તપાસ ચાલી રહી છે. એસએસઓસીની આઈજી રવજોત કૌર ગ્રેવાલે જણાવ્યું કે, આ ધરપકડ પાકિસ્તાની ગુપ્ત એજન્સી ISIના ઈશારે કામ કરી રહેલા જાસૂસી નેટવર્કને ઉજાગર કરવા અને તેમને ખતમ કરવાની મોટી સફળતા છે.

### ગૃહમંત્રી મોહસીન નકવીએ આ હુમલાની નિંદા કરી

## પાક.ના બલુચિસ્તાનમાં મુસાફરોની બસ પર ગોળીબાર, 3નાં મોત

। (એજન્સી) કરાચી, તા.૧૭ ।

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં અજાણ્યા બંદૂકધારીઓએ એક પેસેન્જર બસ પર ગોળીબાર કરતા ત્રણ લોકોના મોત અને સાત અન્ય ઘાયલ થયા હતા. બલુચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદે જણાવ્યું હતું કે, બસ કરાચીથી પ્રાંતીય રાજધાની ક્વેટા જઈ રહી હતી ત્યારે અશાંત પ્રદેશના કલાત વિસ્તારમાં તેના પર અંધાધૂંધ ગોળીબાર થયો હતો. અત્યાર સુધી કોઈપણ ગ્રૂપે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.આ ઘટનામાં ત્રણ મુસાફરોના મોત અને સાત ઘાયલ થયા હતા. ઘાયલોને કલાતની જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું કે સુરક્ષા એજન્સીઓ, જિલ્લા વહીવટીતંત્ર અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

### ઈમિગ્રેશન કોર્ટમાં હવે બોન્ડ હીયરિંગની તક નહીં

## USમાં ગેરકાયદે રહેતાં લોકોને હવે સીધાં જેલમાં ધકેલાશે

। (એજન્સી) સેન ડિએગો, તા.૧૭ ।

અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે કાયદાકીય સત્તાનો ઉપયોગ કરીને યુએસમાં વસતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને પકડવાની પ્રક્રિયા ઝડપી બનાવતા વધુમાં વધુ લોકોને જેલ હવાલે કરાશે. આ આક્રમક નીતિને પગલે આગામી સમયમાં ભારતીયોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા છે. આઈસીઈ ગેરકાયદે ઘુસેલા ઈમિગ્રન્ટ્સને કોર્ટમાં બોન્ડ સુનાવણી વગર જ સીધા જેલમાં ધકેલશે. અગાઉના નિયમો મુજબ જ્યાં સુધી ઈમિગ્રેશન કોર્ટમાં કેસ સુનાવણી માટે ના આવે ત્યાં સુધી ઈમિગ્રન્ટ્સને મુક્ત રહેવાની છૂટ મળતી હતી. નવી નીતિના અમલથી હવે તે શક્ય નહીં બને. નિષ્ણાતો આ નીતિને ક્રૂર ગણાવી રહ્યા છે. આઈસીઈના કાર્યકારી ડાયરેક્ટર ટોડ લિયોન્સે ૮ જુલાઈએ કર્મચારીઓને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું કે, એજન્સીએ લોકોની અટકાયત માટેની વ્યાપક અને જટિલ સત્તામાં ફેરફાર કર્યો છે અને તાત્કાલિક ધોરણે તેને લાગુ કરતા હવે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ જજ સમક્ષ બોન્ડ સુનાવણી માટે અયોગ્ય ઠરશે. આવા લોકોને ત્વરિત જેલમાં ધકેલાશે અને હોમલેન્ડ સિક્યોરિટી ડીપાર્ટમેન્ટની મંજૂરી વગર કોઈને છોડવામાં નહીં આવે. આ મુદ્દે હોમલેન્ડ સિક્યોરિટીના પ્રવક્તા ટ્રિસિયા મેકલોફલિને પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સેક્રેટરી ક્રિસ્ટી નોએમ અમેરિકાને ખરેખર સુરક્ષિત રાખવા માટે આ કાયદો અમલમાં લાવ્યા છે. જૂનના અંત સુધીમાં આઈસીઈ પાસે ઓલ-ટાઈમ હાઈ ૫૬ હજાર લોકો હતા જે તની ૪૧ હજારની ક્ષમતા કરતા વધુ છે. અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોસિએશના ગ્રેગ ચેને જણાવ્યું કે, કાયદેસર રીતે યુએસમાં પ્રવેશેલા અને વિઝાની મુદતથી વધુ રોકાણ કરનારા લોકોને આ નીતિથી કોઈ અસર નહીં થાય.

### ૧૯૩૧માં બ્રિટિશ આર્ટિસ્ટ ક્લેર લેઇટનને આ પેઇન્ટિંગ બનાવ્યું હતું

## UKમાં ગાંધીજીના દુર્લભ ઓઇલ પેઇન્ટિંગની રૂ.૧.૭ કરોડમાં હરાજી

। (એજન્સી) લંડન, તા.૧૭ ।

બ્રિટનની રાજધાની લંડનમાં મહાત્મા ગાંધીજીના એક દુર્લભ ઓઈલ પેઈન્ટિંગની હરાજી કરવામાં આવી છે. એવું કહેવાય છે કે આ એકમાત્ર ચિત્ર છે જેના માટે મહાત્મા ગાંધી પોટ્રેટ મોડમાં બેઠા હતા અને ચિત્રકારે તેમની સામે બેસીને આ સુંદર ઓઈલ પેઈન્ટિંગ બનાવ્યું હતું.

બોનહેમ્સ ખાતે ઓનલાઈન હરાજીમાં આ ફોટો રૂ. ૧.૭ કરોડમાં વેચાયો હતો.૧૯૩૧માં જ્યારે ગાંધીજી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે લંડન ગયા ત્યારે બ્રિટિશ પોટ્રેટ કલાકાર ક્લેર લેઈટનને આ પેઈન્ટિંગ બનાવ્યું હતું. બોનહેમ્સના હેડ ઓફ સેલ રાયનન ડેમરીએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીનું એકમાત્ર ઓઈલ પેઈન્ટિંગ અગાઉ ક્યારેય હરાજીમાં રજૂ કરવામાં આવ્યું ન હતું.

ક્લેર લેઈટને આ પેઈન્ટિંગનું નામ પોર્ટ્રેટ ઓફ મહાત્મા ગાંધી રાખ્યું હતું. આ ચિત્ર ૧૯૩૧નું છે, જ્યારે મહાત્મા ગાંધી બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં હાજરી આપવા લંડન ગયા હતા. આ ચિત્ર બનાવનાર આર્ટિસ્ટ ક્લેર લેઈટન તે સમયે પ્રખ્યાત રાજકીય પત્રકાર હેનરી નોએલ સાથે રિલેશનશિપમાં હતા. હેનરી ભારતની સ્વતંત્રતાના પ્રબળ સમર્થકોમાંના એક હતા. આવી સ્થિતિમાં, હેનરી મહાત્મા ગાંધીને મળ્યા અને આ બહાને લેઈટનને પણ ગાંધીજીને મળવાની તક મળી હતી. આ મુલાકાત દરમિયાન લેઈટને ગાંધીજીનું ચિત્ર દોરવાની ઓફર કરી હતી અને ગાંધીજી તેના માની ગયા હતા. ગાંધીજી પોટ્રેટ મોડમાં બેઠા હતા અને લેઈટને તેમનું પેઈન્ટિંગ બનાવ્યું હતું. ગાંધીજીને પણ આ ઓઈલ પેઈન્ટિંગ ખૂબ ગમ્યું હતું. હવે ૯૪ વર્ષ પછી આ ચિત્રની હરાજી કરવામાં આવી છે.

## અમેરિકા બાદ ભારતના રાજ્યમાં ૮ દિવસમાં ચોથી વાર ધરા ધ્રૂજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

અમેરિકામાં અલાસ્કાના સેન્ડ પોઈન્ટ નજીક ૭.૩ ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. હરિયાણાના રોહતકમાં ૧૭મી જુલાઈએ રાત્રે ૧૨:૪૬ વાગ્યે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રોહતક શહેરથી માત્ર ૧૭ કિ.મી. પૂર્વમાં જમીનની ૧૦ કિ.મી. ઊંડાઈએ હતું. ભૂકંપના કારણે લોકો જાગી ગયા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા અને ખુલ્લી જગ્યામાં આવી ગયા હતા. જોકે હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી.અહેવાલો અનુસાર, હરિયાણામાં છેલ્લા કેટલાક દિવસોથી હળવા ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ૧૧મી જુલાઈના રોજ હરિયાણાના ઝજ્જર જિલ્લામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. આ ભૂકંપ દિલ્હી-એનસીઆરમાં પણ અનુભવાયો હતો.

## આસામના મુખ્યમંત્રી પોતાને રાજા સમજે છે : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આસામના ચાયગાંવમાં કાર્યકર્તાઓને સંબોધી ભાજપ અને આરએસએસ પર આકરા પ્રહારો કર્યા છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર વાંધાજનક ટિપ્પણી કરતાં આસામના મુખ્યમંત્રી પ્રતિક્રિયા આપી છે. હિમંતાએ રાહુલ પર નોંધાયેલા કેસોનો ઉલ્લેખ કરી વળતો જવાબ આપ્યો છે. લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે જે આસામમાં થઈ રહ્યું છે, તે દેશભરમાં થઈ રહ્યું છે. અહીંના મુખ્યમંત્રી પોતાને રાજા સમજે છે. જો તમે તેમનો અવાજ સાંભળશો, તેમની આંખોમાં જોશો તો તમને તેની પાછળ ડર દેખાશે. તેઓ મોટી-મોટી વાતો કરે છે, બુમો પાડે છે, પરંતુ તેમના દિલમાં ડર છે. કારણ કે તેઓ જાણે છે કે, એક દિવસ કોંગ્રેસના બબ્બર શેર તેમને જેલમાં ધકેલી દેશે. હિમંતાએ પોતે કરેલા તમામ ભ્રષ્ટાચારનો હિસાબ આસામની પ્રજાને આપવો પડશે.' તેમણે કહ્યું કે, 'હું જે બોલું છું, તે થાય છે. મેં કોવિડ, નોટબંદી, ખોટી જીએસટી સમયે જે બોલ્યું હતું, તેનું પરિણામ તમામ લોકોએ જોયું. હું આજે કહી રહ્યો છું કે, મીડિયાના લોકો થોડા સમયમાં તમારા મુખ્યંત્રીને જેલમાં જતા દેખાડશે અને તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પણ નહીં બચાવી શકે.

આ કામ કોંગ્રેસ પાર્ટી નહીં, પરંતુ આસામના યુવા, ખેડૂત, શ્રમિકો અનેતમામ વર્ગના લોકો કરીને દેખાડશે. કારણ કે તેઓ જાણે છે કે, આ વ્યક્તિ ભ્રષ્ટ છે. આ વ્યક્તિ ૨૪ કલાક આસામની જમીન ચોરી કરે છે, ક્યાંક સોલાર પાર્કના નામે તો ક્યાંક રિસોર્ટ બનાવવાના બહાને... આ કામ આસામનું દરેક બાળક જાણે છે.' કોંગ્રેસ સાંસદના નિવેદન બાદ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી આસામ આવી મને જેલમાં ધકેલવાની વાત કરે છે, પરંતુ તેઓ ભૂલી જાય છે કે, તેઓ પોતે જામીન પર બહાર છે. હિમંતાએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'લખીને રાખજો... હિમંતા બિસ્વા સરમાને જેલ મોકલીને રહીશું... આ તે વાક્ય છે, જે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે. તેમણે આસામ કોંગ્રેસની રાજકીય મામલાની સમિતિની બંધ બારણે યોજાયેલી બેઠકમાં આ કહ્યું છે, પરંતુ તેઓ ભૂલી ગયા છે કે, તેઓ પોતે અનેક ગુનાહિત કેસમાં જામીન પર છે. મારી શુભેચ્છા તેમની સાથે છે. રાહુલજી, આજના દિવસે આસામની મહેમાનગતિનો આનંદ માણો...' રાહુલ ગાંધીએ બિહારમાં મતદાર યાદી સુધારણા અંગે કહ્યું કે, 'ભાજપ અને ચૂંટણી પંચે મહારાષ્ટ્રની ચૂંટણીઓ ચોરી કરી, બિહારમાં પણ આવું જ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ લોકો હવે બિહારમાં નવી મતદાર યાદી તૈયાર કરી રહ્યા છે. લાખો લોકોને તે મતદાર યાદીમાંથી કાઢવામાં આવી રહ્યા છે.

**વિશેષ** | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે

# પ્રધાનમંત્રી બિહારના મોતીહારી ખાતે ૭,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે

### પ્રધાનમંત્રી દરભંગા ખાતે નવા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા (STPI) અને પટના ખાતે STPIની અત્યાધુનિક ઇન્ક્યુબેશન સુવિધાનું ઉદ્ઘાટન કરશે

। નવી દિલ્હી ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૮ જુલાઈના રોજ બિહાર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. તેઓ સવારે ૧૧:૩૦ વાગ્યે બિહારના મોતીહારી ખાતે ૭,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે.

ત્યારબાદ તેઓ પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે અને બપોરે ૩ વાગ્યે દુર્ગાપુર ખાતે ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી બિહારમાં

પ્રધાનમંત્રી રેલ, માર્ગ, ગ્રામીણ વિકાસ, મત્સ્ય ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી ક્ષેત્રો સંબંધિત વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે. કનેક્ટિવિટી અને માળખાગત સુવિધાને વેગ આપવાની તેમની પ્રતિબદ્ધતા અનુસાર, પ્રધાનમંત્રી અનેક રેલ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. આમાં સમસ્તીપુર-બછવાડા રેલ લાઈન વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગનો સમાવેશ થાય છે જે આ વિભાગ પર કાર્યક્ષમ ટ્રેન સંચાલનને સક્ષમ બનાવશે. દરભંગા-થલવારા અને સમસ્તીપુર-રામભદ્રપુર રેલ લાઈનનું ડબલિંગ એ દરભંગા-સમસ્તીપુર ડબલિંગ પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો ખર્ચ ૫૮૦ કરોડ રૂપિયાથી વધુ છે જે રેલ સંચાલનની ક્ષમતામાં વધારો કરશે અને વિલંબ ઘટાડશે.

પ્રધાનમંત્રી અનેક રેલ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. રેલ પ્રોજેક્ટ્સમાં પાટલી પુત્ર ખાતે વંદે ભારત ટ્રેનોની જાળવણી માટે માળખાગત સુવિધાઓનો વિકાસ સામેલ છે. ભટની-છપરા ગ્રામીણ રેલ લાઈન (૧૧૪ કિમી) પર ઓટોમેટિક સિગ્નલિંગ સુવ્યવસ્થિત રેલ કામગીરીને સક્ષમ બનાવશે. ભટની-છપરા ગ્રામીણ વિભાગમાં ટ્રેક્શન સિસ્ટમ અપગ્રેડેશન અને ટ્રેક્શન સિસ્ટમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવીને અને ઉર્જા કાર્યક્ષમતાને શ્રેષ્ઠ બનાવીને ટ્રેનોની ગતિ વધારવામાં સક્ષમ બનાવશે. દરભંગા-નરકટિયાગંજ રેલ લાઈન ડબલિંગ પ્રોજેક્ટ, જેનો આશરે રૂ. ૪,૦૮૦ કરોડનો ખર્ચ થશે તે વિભાગીય ક્ષમતામાં વધારો કરશે. ઉપરાંત વધુ મુસાફરો અને માલવાહક ટ્રેનોનું સંચાલન સક્ષમ બનાવશે અને ઉત્તર બિહાર અને દેશના બાકીના ભાગો વચ્ચે જોડાણ મજબૂત બનાવશે.

પ્રદેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૧૯ના આરા બાયપાસના ૪-લેનિંગ માટે શિલાન્યાસ કરશે, જે આરા-મોહનિયા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૧૯ અને પટના-બક્સર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૯૨૨ને જોડે છે, જે સીમલેસ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે અને મુસાફરીનો સમય ઘટાડે છે. પ્રધાનમંત્રી ૮૨૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે NH-319ના ૪-લેન સેક્શનનું ઉદ્ઘાટન પણ કરશે. આ NH-319નો ભાગ છે જે આરા શહેરને NH-02 (ગોલ્ડન ક્વોડ્રિલેટરલ) સાથે જોડે છે. આનાથી માલ અને મુસાફરોની અવરજવરમાં સુધારો થશે. આ ઉપરાંત, NH-333C પર સરવનથી ચકાઈ સુધી ૨-લેનનો પાકો રસ્તો પણ બનાવવામાં આવશે, જે માલ અને લોકોની અવરજવરને સરળ બનાવશે અને બિહાર અને ઝારખંડ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપશે.

પ્રધાનમંત્રી દરભંગા ખાતે નવા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા (STPI) અને પટણા ખાતે એક અત્યાધુનિક ઈન્ક્યુબેશન સુવિધાનું ઉદ્ઘાટન કરશે જે IT/ITES/ESDM ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપશે. આ સુવિધાઓ IT સોફ્ટવેર અને સેવાઓની નિકાસને વેગ આપવા માટે મદદ કરશે. તે ઉભરતા ઉદ્યોગસાહસિકો માટે ટેક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પણ પોષણ આપશે અને નવીનતા, બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) અને ઉત્પાદન વિકાસને પ્રોત્સાહન આપશે.

બિહારમાં મત્સ્યોદ્યોગ અને જળચર ઉદ્યોગ ક્ષેત્રને મજબૂત બનાવવા તરફના એક મોટા પગલાંમાં પ્રધાનમંત્રી, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ મંજૂર કરાયેલા મત્સ્યોદ્યોગ વિકાસ પ્રોજેક્ટ્સની શ્રેણીનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે બિહારના વિવિધ જિલ્લાઓમાં નવી ફિશ હેચરી, બાયોફ્લોક યુનિટ, સુશોભન માછલી ઉછેર, સંકલિત જળચર ઉદ્યોગ એકમો અને ફિશ ફીડ મિલો સહિત આધુનિક મત્સ્યોદ્યોગ માળખાનો શુભારંભ થશે. જળચર ઉદ્યોગ પ્રોજેક્ટ્સ રોજગારીની તકો ઉત્પન્ન કરવામાં, માછલી ઉત્પાદન વધારવામાં, ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવામાં અને બિહારના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક-આર્થિક વિકાસને વેગ આપવામાં મદદ કરશે.

ભવિષ્ય માટે તૈયાર રેલવે નેટવર્કના તેમના વિઝનને અનુરૂપ પ્રધાનમંત્રી રાજેન્દ્ર નગર ટર્મિનલ (પટના)થી નવી દિલ્હી, બાપુધામ મોતીહારી થી દિલ્હી (આનંદ વિહાર ટર્મિનલ), દરભંગા થી લખનઉ (ગોમતી નગર) અને માલદા ટાઉનથી લખનઉ (ગોમતી નગર) વાયા ભાગલપુર સુધી ચાર નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે, જેનાથી આ ક્ષેત્રમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે. પ્રધાનમંત્રી દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ બિહારમાં લગભગ ૬૧,૫૦૦ સ્વ-સહાય જૂથોને ૪૦૦ કરોડ રૂપિયા પણ આપશે. મહિલા-સંચાલિત વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, ૧૦ કરોડથી વધુ મહિલાઓને સ્વ-સહાય જૂથો (SHG) સાથે જોડવામાં આવી છે. પ્રધાનમંત્રી ૧૨,૦૦૦ લાભાર્થીઓના ગૃહ પ્રવેશ પ્રસંગે કેટલાક લાભાર્થીઓને ચાવીઓ પણ સોંપશે અને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના ૪૦,૦૦૦ લાભાર્થીઓને ૧૬૦ કરોડ રૂપિયાથી વધુની રકમ પણ આપશે.

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં

પ્રધાનમંત્રી તેલ અને ગેસ, વીજળી, માર્ગ અને રેલ ક્ષેત્રોમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કરશે.

પ્રદેશમાં તેલ અને ગેસ માળખાગત સુવિધાને વેગ આપવા માટે, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના બાંકુરા અને પુરુલિયા જિલ્લામાં આશરે રૂ. ૧,૯૫૦ કરોડના ખર્ચે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ ઘરો, વાણિજ્યિક સંસ્થાઓ અને ઔદ્યોગિક ગ્રાહકોને PNG કનેક્શન પ્રદાન કરશે, રિટેલ આઉટલેટ્સ પર ઝદ્રવ્ય ઉપલબ્ધ કરાવશે અને પ્રદેશમાં રોજગારીની તકો પણ ઉભી કરશે. પ્રધાનમંત્રી મહત્વાકાંક્ષી જગદીશપુર-હલ્દિયા અને બોકારો-ધામરા પાઈપલાઈન્સના ભાગ રૂપે નાખેલી દુર્ગાપુર-હલ્દિયા નેચરલ ગેસ પાઈપલાઈનના દુર્ગાપુરથી કોલકાતા સેક્શન (૧૩૨ કિમી) ને પણ રાષ્ટ્રને સમર્પિત કરશે, જેને પ્રધાનમંત્રી ઉર્જા ગંગા (PMUG) પ્રોજેક્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૧,૧૯૦ કરોડથી વધુના ખર્ચે બનેલો દુર્ગાપુરથી કોલકાતા સેક્શન પશ્ચિમ બંગાળના પૂર્વ બર્ધમાન, હુગલી અને નાદિયા જિલ્લામાંથી પસાર થાય છે. આ પાઈપલાઈન તેના અમલીકરણ તબક્કા દરમિયાન પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડતી હતી અને હવે આ પ્રદેશના લાખો ઘરોને કુદરતી ગેસનો પુરવઠો પૂરો પાડશે. સ્વચ્છ હવા અને સૌ માટે આરોગ્ય સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રી ૧,૪૫૭ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે દુર્ગાપુર સ્ટીલ થર્મલ પાવર સ્ટેશન અને દામોદર વેલી કોર્પોરેશનના રઘુનાથપુર થર્મલ પાવર સ્ટેશનના રેટ્રોફિટિંગ પોલ્યુશન કંટ્રોલ સિસ્ટમ-ફ્લુ ગેસ ડિસલ્ફ્યુરાઈઝેશન (FGD) રાષ્ટ્રને સમર્પિત કરશે. આનાથી સ્વચ્છ ઉર્જા ઉત્પાદનમાં વધારો થશે અને પ્રદેશમાં રોજગારીની તકો ઉભી થશે.

પ્રદેશમાં રેલ માળખાને પ્રોત્સાહન આપતા, પ્રધાનમંત્રી પુરુલિયા ખાતે ૩૯૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પુરુલિયા-કોટશિલા રેલ લાઈન (૩૬ કિમી)ના ડબલિંગનું પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. આનાથી જમશેદપુર, બોકારો અને ધનબાદના ઉદ્યોગો વચ્ચે રાંચી અને કોલકાતા સાથે રેલ કનેક્ટિવિટીમાં સુધારો થશે અને માલગાડીઓની કાર્યક્ષમ અવરજવર, મુસાફરીનો સમય ઘટાડશે અને ઉદ્યોગો અને વ્યવસાયો માટે લોજિસ્ટિક્સમાં સુધારો થશે. પ્રધાનમંત્રી પશ્ચિમ બર્ધમાનમાં ટોપસી અને પાંડબેશ્વર ખાતે સેતુ ભારતમ કાર્યક્રમ હેઠળ ૩૮૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બાંધવામાં આવેલા બે રોડ ઓવર બ્રિજ (ROB)નું ઉદ્ઘાટન કરશે. આનાથી કનેક્ટિવિટીમાં સુધારો થશે અને રેલવે લેવલ ક્રોસિંગ પર અકસ્માતો અટકાવવામાં પણ મદદ મળશે.

### રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક ભવ્ય સમારોહમાં દેશના સૌથી સ્વચ્છ શહેર અને નગરની જાહેરાત કરવામાં આવી

# સ્વચ્છતાના મામલે ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં અમદાવાદ પ્રથમ સ્થાને



। અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં અમદાવાદે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને સતત આઠમી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું છે. ૨૦૧૬માં સ્વચ્છતા સર્વેક્ષણ શરૂ થયા પછી ઈન્દોર ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે પ્રથમ ક્રમે છે. એટલે કે ઈન્દોર સતત આઠ વર્ષથી પ્રથમ ક્રમે આવી રહ્યુ છે. ઈન્દોર પછી સુરતનો નંબર આવ્યો છે. આપને જણાવીએ કે, મહાનગર અમદાવાદની સાફ-સફાઈ કરવાની જવાબદારી AMCના હાથમાં છે. ૧૨,૫૦૦થી વધુ કામદારો આખા વર્ષ દરમિયાન શહેરના તમામ રસ્તાઓ સવારે ૬:૩૦થી ૧૧:૩૦ અને બપોરે ૩થી ૬ વાગ્યા સુધી સાફ કરે છે. શહેરમાંથી દરરોજ ૪૦૦૦ મેટ્રિક ટન ઘન કચરો નીકળે છે. આ કચરો AMC દ્વારા એકત્રિત કરવામાં આવે છે. પછી તેનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવે છે. શહેરના ઘન કચરાનો ૫૦ ટકા ભાગ AMCના ડસ્ટબિન અને રસ્તાઓની સફાઈ દરમિયાન એકત્રિત કરવામાં આવે છે. આ ઉપરાંત, દરેક ઘરમાંથી કચરો એકત્રિત કરવા માટે શહેરમાં ૬૦૦થી વધુ ઓટો ટિપર વાહનો તૈનાત કરવામાં આવ્યા છે. ઈન્દોર શહેરની વાત કરીએ તો, ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ, કચરાને છ શ્રેણીઓમાં વિભાજિત કરવા, બાયો-સીએનજી પ્લાન્ટ ચલાવવા અને ગટરના પાણીનો ફરીથી ઉપયોગ કરવા જેવા પગલાં દ્વારા કચરાનું સંચાલન કરે છે. ઈન્દોર શહેર, જેને મધ્યપ્રદેશની વાણિજ્યિક રાજધાની પણ કહેવામાં આવે છે, તેની વસ્તી લગભગ ૩૫ લાખ છે. અહીંથી દરરોજ ૧૯૦૦ ટન કચરો ઉત્પન્ન થાય છે. શહેરમાં દરરોજ ૧૨૦૦ ટન સૂકો કચરો અને ૭૦૦ ટન ભીનો કચરો ઉત્પન્ન થાય છે. ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૦૧૫માં પાયલોટ પ્રોજેક્ટ ધોરણે બે વોર્ડમાં ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ શરૂ કર્યો હતો. ૨૦૧૬ના અંત સુધીમાં, મ્યુનિસિપલ કોર્પોરેશન ડોર-ટુ-ડોર કચરો સંગ્રહના ૧૦૦ ટકા આંકડાને સ્પર્શી ગયું હતું.

## શેરવાનીનું બટન તૂટવાની તકરારમાં મિત્રએ યુવકના પેટમાં છરી મારી દીધી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

મેઘાણીનગર વિસ્તારમાં રહેતો યુવક તેના મિત્રના ઘરે પહોંચ્યો હતો. યુવકે તેના મિત્રને ઘર નીચે બોલાવી શેરવાનીનું બટન તૂટી ગયું હોવાથી ૫૦૦ રૂપિયા ખર્ચ પેટે માગ્યા હતા. આ મામલે તકરાર થતા યુવક તેના મિત્રને છરીના ઘા મારી લોહીલુહાણ કરી પલાયન થઈ ગયો હતો. જેથી ઘાયલને સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ મામલે મેઘાણીનગર પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. મેઘાણીનગર વિસ્તારમાં ૧૬ વર્ષિય નાથુરામ પુન્નીલાલ દોહે પોતાના દીકરા અજીતસિંહ સાથે રહે છે. ગઈકાલે સાંજે પાંચ વાગ્યે અજીતસિંહ ઘરે આવ્યો હતો અને રાત્રે તે ઘરે આરામ કરી રહ્યો હતો. ત્યારે ત્યાં રહેતો વિજેન્દ્ર ઓઝા ઘરે આવ્યો હતો અને ગાળો બોલી અજીતસિંહને ઘર નીચે બોલાવ્યો હતો. જેથી અજીતસિંહ અને નાથુરામ ઘર નીચે ગયા હતા. ત્યારે વિજેન્દ્રએ જણાવ્યું હતું કે, તું મારી શેરવાની લઈ ગયો હતો જેના બટન તૂટી ગયા છે તે નખાવા ૫૦૦ રૂપિયા થાય તું કેમ આપતો નથી.

## ગોંડલમાં લમ્પી વાયરસથી ત્રણ પશુઓનાં મોતથી હડકંપ

। (એજન્સી) ગોંડલ, તા.૧૭ ।

ગોંડલ તાલુકાના હડમતાળા ગામમાં ફરી એકવાર લમ્પી વાયરસનો પ્રકોપ જોવા મળ્યો છે. આ વાયરસના કારણે ત્રણ પશુઓના મોત થતાં પશુપાલકોમાં ભયનો માહોલ છવાયો છે. અગાઉ પણ લમ્પી વાયરસ અનેક પશુઓનો ભોગ લઈ ચૂક્યો છે, ત્યારે તેના પુનરાગમનથી ચિંતા વધી છે.ગોંડલ પંથકમાં લમ્પી વાયરસથી ત્રણ પશુઓના મોત બાદ પશુપાલકો દ્વારા ગોંડલ તાલુકાના વેટરનરી ઓફિસર ડો. જગદીશ ચૌધરીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે તાત્કાલિક તેમની ટીમ સાથે હડમતાળા પહોંચીને ૪૦૦ જેટલા પ શુઓનું લમ્પી વાયરસ સામે રસીકરણ કર્યું હતું.

### ૨૯ આદિવાસી પરિવારોની સ્વમાનભેર ઘરવાપસી

## આદિવાસી પરિવારોનું ઐતિહાસિક પુનર્વસન કરાવતા ગૃહ રાજ્ય મંત્રી

। (એજન્સી) દાંતા, તા.૧૭ ।

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજરોજ બનાસકાંઠાના દાંતા તાલુકાના મોટા પીપોદરા ગામના ૨૯ કોદરવી પરિવારના ૩૦૦ જેટલા સભ્યોનું પુનર્વસન કરાયું હતું. આદિવાસી સમાજના એક કુરિવાજ ચડોતરુંના કારણે મોટા પીપોદરા ગામમાંથી ૧૨ વર્ષ પહેલા હૃદય પર પથ્થર મૂકીને પોતાનું વતન છોડીને કોદરવી પરિવારના ૩૦૦ જેટલા સભ્યો આ ગામમાંથી સ્થળાંતર કરીને ચાલ્યા ગયા હતા. ગૃહ રાજ્યમંત્રી હષ સંઘવી સહિત જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સાથે આદિવાસી સમાજના આ પરિવારોને સંપૂર્ણ માન સન્માન સાથે પોતાના ગામમાં પુનર્વસન માટેનો આ એક ઐતિહાસિક પ્રસંગ યોજાયો હતો. મંત્રી હર્ષ સંઘવી અને મહાનુભાવોએ "એકતા એ સમાજનો સાચો અવતાર, વેર એ અંધકારનો ભાર" તક્તિનું અનાવરણ કરીને બે સમાજના આગેવાનોને એક કર્યા હતા. મંત્રીશ્રીએ આદિવાસી સમાજના બંધુઓને કુમકુમ તિલક સાથે ગૃહ પ્રવેશ કરાવ્યો હતો તથા ભૂમિપૂજન સાથે ખેતરમાં મકાઈનું વાવેતર કરાવ્યું હતું. મંત્રીશ્રીએ આદિવાસી સમાજના બંધુઓને શૈક્ષણિક કીટ, રાશન કીટ, દિવ્યાંગ ભાઈને વ્હીલ ચેર તથા પ્રશંસાપાત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત જ નહીં પણ સમગ્ર દેશના આદિવાસી બાંધવો માટે ઐતિહાસિક દિવસ છે. આજનો દિવસ કુરિવાજની નાબૂદી, ઉન્નતિ, ખુશાલી અને પારિવારિક આદર સાથે પુનર્વસનનો મહત્વપૂર્ણ દિવસ છે. તેમણે તકરારને બદલે સમાધાન તરફ આગળ વધવા બદલ આદિવાસી સમાજના પંચના વડીલોને અભિનંદન પાઠવી સ્ટેજ પર બોલાવી સન્માન કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકાસ સાથે આંતરિયાળ તથા છેવાડાના ગામડાઓ સુધી આજે ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પહોંચી છે જેનું આ ઉત્તમ ઉદાહરણ છે. મંત્રીએ બનાસકાંઠા પોલીસ વિભાગની સુરક્ષા સાથે સામાજિક કાર્યો માટે કરવામાં આવેલી પહેલને બિરદાવી હતી. તેમણે દરેક મુશ્કેલીમાં લોકોની સેવામાં સતત ખડેપગે રહેલ તથા સેવાનું બીજું નામ એટલે કે પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે રેન્જ આઈ.જી. ચિરાગ કોરડિયા તથા બનાસકાંઠા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા અને ટીમ દ્વારા ૧૪ વર્ષના વેરને સમાધાન કરાવીને સામજિક વ્યવસ્થા માટે કરાયેલ કામગીરીને વધાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, આદિવાસી બાંધવો માટે હવે અહીં સરકારશ્રી તથા સામાજિક સંસ્થાઓના સહયોગથી આવાસ બનાવાશે તથા તમામ જીવન જરૂરિયાત સુવિધાઓ ઉભી કરાશે જેથી કરીને આ સમાજના લોકો ખેતી સાથે પોતાની માનભેર જિંદગી વિતાવશે.

### તુષાર ચૌધરીને પણ સોંપી મોટી જવાબદારી

## ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખની કામન અમિત ચાવડાના પંજામાં, બીજી વાર પ્રદેશ પ્રમુખ તરીકેની નિમણૂક

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાત કોંગ્રેસમાં મોટું પરિવર્તન થઈ ગયું છે. શક્તિસિંહ ગોહિલ બાદ પાર્ટીએ નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમિત ચાવડાને ફરી પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. આંકલાવથી ધારાસભ્ય અમિત ચાવડા આ પહેલા કોંગ્રેસની કમાન સંભાળી ચૂક્યા છે. આ સાથે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ડો. તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા બનાવ્યા છે. ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર ૧૭ બેઠકો મળી હતી. પાર્ટીએ અમિત ચાવડાને વિધાનસભામાં પક્ષના નેતા બનાવ્યા હતા. અમિત ચાવડા આ પહેલા વિધાનસભામાં ઉપદંડક અને દંડકની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. આ સિવાય ગુજરાત વિધાનસભાની અલગ-અલગ સમિતિમાં પણ રહી ચૂક્યા છે. અમિત ચાવડાએ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ખેડબ્રહ્માથી ધારાસભ્ય અને આદિવાસી નેતા તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતાની જવાબદારી સોંપી છે. તુષાર ચૌધરી એક અનુભવી નેતા છે. તુષાર ચૌધરી કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી પણ રહી ચૂક્યા છે. તુષાર ચૌધરી પ્રથમવાર ૨૦૦૨મા વ્યારાથી ચૂંટણી જીતી ગુજરાત વિધાનસભા પહોંચ્યા હતા. ત્યારબાદ ૨૦૦૪મા માંડવી મતવિસ્તારમાંથી લોકસભાના સાંસદ બન્યા હતા. ૨૦૦૯મા તુષાર ચૌધરીએ બારડોલી લોકસભા બેઠક પરથી જીત મેળવી હતી. ૨૮ મે ૨૦૦૯થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી કેન્દ્રમાં આદિવાસી બાબતોના રાજ્યમંત્રી રહ્યા હતા. ત્યારબાદ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગના રાજ્યમંત્રી બન્યા હતા. ૨૦૨૨ની વિધાનસભામાંથી તેમણે ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક પરથી જીત મેળવી હતી.

કોણ છે અમિત ચાવડા ?

- અમિત ચાવડાનો જન્મ ૨૪ એપ્રિલ ૧૯૭૬માં થયો હતો.
- અમિત ચાવડા કેમિકલ એન્જિનિયર (૧૯૯૫)ની ડિગ્રી ધરાવે છે.
- અમિત ચાવડાની ઉંમર ૪૯ વર્ષ છે.
- ૨૦૦૪માં પ્રથમ વખત બોરસદથી વિધાનસભાની ચૂંટણી જીત્યા.
- ૨૦૦૪મા બોરસદથી પ્રથમવાર વિધાનસભા ચૂંટણી જીત્યા.
- ૨૦૦૭મા બોરસદથી બીજીવાર ધારાસભ્ય બન્યા
- ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨મા આંકલાવથી વિધાનસભા ચૂંટણી જીતી ધારાસભ્ય બન્યા.

### AAPએ સંગઠનને વધુ મજબૂત કરવા નિર્ણય લીધો

## ડો. કરન બારોટની ગુજરાતના નવા મુખ્ય પ્રવક્તા તરીકે નિમણૂક

### પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ વચ્ચે આમ આદમી પાર્ટી (AAP)એ સંગઠનને વધુ મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પાર્ટી દ્વારા ડો. કરન બારોટની ગુજરાતના નવા મુખ્ય પ્રવક્તા તરીકે નિમણૂક કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પાર્ટીના આ નિર્ણયને આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે. ડો. બારોટની નિમણૂકથી પાર્ટી સંગઠનમાં યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકી રહી છે. AAP દ્વારા નિયુક્તિનો આ દોર શરૂ થતાં ગુજરાતમાં યુવાઓને રાજકારણમાં વધુ સક્રિય થવાની તક મળી રહી છે. આ પગલાથી પાર્ટી પોતાની નીતિઓ અને કાર્યક્રમોને લોકો સુધી વધુ અસરકારક રીતે પહોંચાડી શકશે તેવી અપેક્ષા છે. તમને જણાવી દઈએ કે, તાજેતરમાં જ વિસાવદર વિધાનસભા બેઠક પરથી ગોપાલ ઈટાલીયાની જીત થઈ છે. જે બાદ પાર્ટી કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ૧૯ જૂન ગુજરાતની બે વિધાનસભા બેઠકો કડી અને વિસાવદરમાં પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં વિસાવદરથી આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા અને કડી બેઠક પરથી ભાજપ નેતા રાજેન્દ્ર ચાવડા વિજેતા થયા હતા. આ બંને ધારાસભ્યો બુધવારે (૧૬ જુલાઈ) શપથવિધિ નક્કી કરાઈ હતી. ગોપાલ ઈટાલિયા ૧૧ વાગ્યે સમર્થકોની ઉપસ્થિતિમાં શપથ લીધા હતા.વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં શપથવિધિ યોજાઈ હતી. વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગોપાલ ઈટાલિયાને શપથ લેવડાવ્યાં હતા. વિધાનસભા અધ્યક્ષની ચેમ્બરમાં શપથવિધિ યોજાઈ હતી. વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગોપાલ ઈટાલિયાને શપથ લેવડાવ્યાં હતા.

### ટ્રાફિકને લગતા જાહેરનામાનું ઉલ્લઘન થતું જોવા મળ્યું

## અમદાવાદમાં પ્રતિબંધ છતાં ભારે વાહનોની અવર-જવર

### અમદાવાદમાં સવારે ૭થી રાત્રે ૯ સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં નિયમ તોડાઈ રહ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓ અને સુરક્ષા જોગવાઈઓને ધ્યાનમાં રાખીને શહેર પોલીસે જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા અનુસાર સવારે ૭ વાગ્યાથી લઈને રાત્રે ૯ વાગ્યા સુધી કોઈપણ પ્રકારના ભારે વાહનો શહેરમાં પ્રવેશી શકે નથી. આ ભારે વાહનોમાં ટ્રાવેલ્સ બસ, ડમ્પર, કન્સ્ટ્રકશન બોઈલર, અને અન્ય મોટા ભારે વાહનો વગેરેને શહેરમાં પ્રવેશવાની મનાઈ છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના રસ્તાઓ પર વધતા ટ્રાફિકનું દબાણ ઓછું કરવા અને અકસ્માતોના જોખમને અટકાવવાનો છે.

પરંતુ હકીકત એકદમ વિપરીત છે. શહેરના અનેક મુખ્ય માર્ગો પર હજુ પણ આવા ભારે વાહનો ધોળાદિવસે દોડતા જોવા મળી રહ્યા છે. ભારે વાહનોને પ્રવેશ બંધી છતાં અનેક વાહનો શહેરના રસ્તા પર દોડતા જોવા મળે છે. ત્યારે આ જોઈને એકવાત સ્પષ્ટ થાય છે કે નિયમો માત્ર કાગળ પર જ રહી ગયા છે અને નિયમોનો અમલ થઈ રહ્યો નથી. પોલીસનું જાહેરનામું હોવા છતાં ભારે વાહનો શહેરમાં ફરી રહ્યા છે. ત્યારે એવામાં હવે સવાલ એ ઉભા થાય છે કે જયારે પોલીસ દ્વારા સ્પષ્ટ જાહેરનામું બહાર પડાયું છે કે ભારે વાહનોને શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ છે, તો આ વાહનોને શહેરમાં પ્રવેશવાની છૂટ કોણે આપી? ક્યાંક ને ક્યાંક તો વ્યવસ્થામાં છીંડાં છે, કે ભારે વાહનોને એક નિશ્ચિત સમયગાળા દરમિયાન શહેરની હદમાં પ્રવેશવા પર પ્રતિબંધ હોવા છતાં આ વાહનો શહેરમાં પ્રવેશી શકે છે. આ ભારે વાહનો શહેરના રસ્તાઓ પર ફરી રહ્યા છે ત્યારે પોલીસ શું કરી રહી છે. જાહેરનામું હોવા છતાં આ વાહનો ફરી રહ્યા છે ત્યારે પોલીસ આવા વાહનો સામે કોઈ કાર્યવાહી શા માટે નથી કરી રહી? આવા ઘણા સવાલો પોલીસ સામે ઉભા થઈ છે.

## અમદાવાદના ઐતિહાસિક ધરોહર સરખેજ રોઝા મજારનું ગુંબજ ચોરી કરનાર ચાર આરોપીઓને પકડી પાડતી પોલીસ

### ગુન્હામા સંડોવાયેલા ૪ આરોપીઓ ને પકડી પાડેલ છે તથા તપાસમા ખુલેલ ૪ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે

। અમદાવાદ, તા.૧૭ ।

ગુંબજ પરના પંજતન પાકના કલશની ચોરીનો પર્દાફાશ કરી કલાત્મક વારસા સાથે ચેડા કરનારા આરોપીઓને મુદામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ, ગતરોજ સરખેજ પોલીસ મથકે ગત તારીખ ૦૧/૦૭/૨૦૨૫ નોંધાયેલા ગુનાનામાં સરખેજમાં આવેલી શેખ અહમદ ખટ્ટુ ગંજ બક્ષ સાહેબની મજારના ગુમ્બજ ઉપરથી પંચધાતુમાંથી બનેલો આશરે ૧૫૦ વર્ષ જુનો "પંજતન પાક" કલશ અજાણ્યા તત્વો દ્વારા ચોરી કરી લેવાયો છે.

સરખેજ રોઝાનું નિર્માણ ઈ.સ. ૧૪૪૫ આસપાસ થયું હતું. અહીં શેખ અહમદ ખટ્ટુ ગંજ બક્ષ સાહેબની મજાર આવેલો છે. જેમણે સુલતાન અહમદશાહને સલાહ આપી હતી કે પાટનગર સાબરમતી કિનારે સ્થાપો, જેના પરિણામે "અમદાવાદ" શહેરની સ્થાપના થઈ. આ મજાર ગુજરાતની સૌથી મોટો મજાર માનવામા આવે છે. ૫૭૫ વર્ષ જુની છે અને ઈન્ડો-ઈસ્લામિક શૈલી ઈમારતનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૯૨૧થી આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા રક્ષિત છે. તેનું નામ UNESCO World Heritage Tentative Listમાં સામેલ છે

અમદાવાદને ૨૦૧૭માં "વર્લ્ડ હેરીટેજ સીટી"(World Heritage City) તરીકે માન્યતા મળવામાં સારખેજ રોઝાએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આવી ઐતિહાસિક અને ધાર્મિક ધરોહર પર ચોરી કરવી માત્ર કાયદેસર ગુનો નહીં, પરંતુ સાંસ્કૃતિક વારસાની સામે ગેરમૂળ હુમલો છે. ક્રાઈમ બ્રાન્ચે સંવેદનશીલતા અને દ્રઢતા સાથે કાર્યવાહી કરી ગુનાનો ભેદ ઉકેલી એક ઐતિહાસિક અને ધાર્મિક મૂલ્ય ધરાવતું મૂળ તત્વ ફરી શોધી કાઢેલ છે.

સદર ગુન્હાના કામે સંખ્યાબંધ સીસીટીવી કેમેરા ચકાસવામા આવેલ તથા તળાવ અને અવાવરૂ જગ્યાઓ માટે ડ્રોન ની મદદ લઈ વિસ્તૃત એરીયલ સર્વે કરવામા આવેલ ત્યાર બાદ ટેકનીકલ સર્વેલન્સ અને લોકલ ઈંટેલીજન્સ ના આધારે સ્પસ્ટ થયેલ કે આરોપીઓ મહેસાણા જીલ્લાના કડી શહેર ના રહેવાસી છે ત્યારબાદ ચોક્કસ બાતમી તેમજ ટેકનીકલ એનાલીસીસ આધારે માહિતી મળેલ કે આરોપીઓ ચોરી થયેલ મુદ્દામાલ સાથે વેચાણની તૈયારી કરી રહેલ છે જે આધારે આજરોજ ગુન્હામા સંડોવાયેલા ૪ આરોપીઓ ને પકડી પાડેલ છે તથા તપાસમા ખુલેલ ૪ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે અને જેની શોધખોળ ચાલુ છે.

પકડાયેલ આરોપીઓમાં સુરેશભાઈ ધરમશીભાઈ દંતાણી, ગોપાલભાઈ ધરમશીભાઈ દંતાણી ઉ.વ.૩૦, મુન્નાભાઈ જયંતીભાઈ દંતાણી ઉ.વ.૨૩, વિષ્ણુભાઈ ચુનાભાઈ દંતાણી ઉ.વ.૨૨, આ સિવાય પણ તેમનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

### અમદાવાદ ક્રાઇમ બ્રાંચે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

## અમદાવાદની ડેનિમ કંપનીને દિલ્હીના બે વેપારીએ ૧.૭૭ કરોડનો ચૂનો લગાવ્યો

।(એજન્સી) અમદાવાદ, તા.૧૭।

અમદાવાદના કાપડના વેપારીઓ માત્ર ગુજરાત કે ભારત નહીં, પરંતુ દુનિયાભરના દેશોમાં ધંધો કરી રહ્યા છે ત્યારે ચોક્કસ વેપ ારીઓ દ્વારા માલ ખરીદીને રૂપિયા આપવામાં આનાકાની કરવામાં આવતી હોય છે. આવી જ રીતે સૈજપુરની સિટાડેલ ટેક્સ્ટાઈલના સંચાલકોએ દિલ્હીના બે વેપારીને કરોડો રૂપિયાનું ડેનિમ કપડું ઉધાર આપ્યું હતું. આ વેપારીઓએ અમુક રૂપિયા ચૂકવ્યા હતા જ્યારે બાકીના રૂ. ૧.૭૭ કરોડ ન ચૂકવીને ઠગાઈ આચરી હતી. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

સિટાડેલ ટેક્સ્ટાઈલના ડાયરેક્ટર મિશાલ પરીખ અને તેજસ પટેલ છે. જ્યારે નિકુંજ દવે એચઆર મેનેજર છે. નિકુંજ દવેએ ફરિયાદ નોંધાવી છે કે, તેમની કંપની દ્વારા ન્યુ દિલ્હી ખાતેની બેસ્ટ પોલીકેમ પ્રા.લિ નામની કંપનીને રૂ. ૯.૬૮ કરોડનું કપડું એક મહિનાની ક્રેડિટ પર આપ્યું હતું. જે પૈકી બેસ્ટ પોલીકેમના સંચાલકો ગંગાપ્રસાદ શુકલા તથા સલીલ ધવને ટુકડે ટુકડે ૯.૫૯ કરોડની ચૂકવણી કરી હતી જ્યારે બાકીના ૮.૩૭ લાખની ઉઘરાણી બાકી છે. આવી જ રીતે દિલ્હીની બીજી કંપની શેષ એન્ટરપ્રાઈઝના સંચાલક સંજીવ ધવને પણ સિટાડેલ ટેક્સ્ટાઈલ પાસેથી ૪.૮૦ કરોડનું ડેનિમ ખરીદ્યું હતું. જે પૈકી ૩.૧૨ કરોડ ચૂકવ્યા હતા જ્યારે બાકીના ૧.૬૮ કરોડ રૂપિયા નહીં ચૂકવીને ઠગાઈ કરી હતી. દિલ્હીના આ બન્ને વેપારીએ અમદાવાદથી રૂ. ૧૪.૪૮ કરોડના કાપડની ખરીદી કરી સામે ૧૨.૭૨ કરોડ ચૂકવી બાકીના ૧.૭૭ કરોડ નહીં ચૂકવી ઠગાઈ કરી છે. જે અંગે વેપારીની ફરીયાદને આધારે ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા આર્થિક ગુના નિવારણ શાખા તથા ન્યુ ક્લોથ માર્કેટ વિંગ શરૂ કરવામાં આવી છે કે જ્યાં આવી ઠગાઈનો ભોગ બનેલા વેપારીઓ પોતાની ફરિયાદ નોંધાવી શકે, પરંતુ આશ્ચર્યજનક રીતે ઠગાઈની ફરિયાદ લઈને આવતા વેપારીઓને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે.

### ૨૨૫ વર્ષ જૂની પાદુકા ચોરીમાં આરોપીના જામીન કોર્ટે ફગાવ્યા

## અમૂલ્ય પાદૂકાની ચોરી, જામીન ન આપવા ફરિયાદ પક્ષની રજૂઆત

### આરોપીઓના કૃત્યને કારણે લોકોની શ્રદ્ધા અને આસ્થાને ઠેસ પહોંચી છે, અમૂલ્ય પાદુકાની ચોરી કરી હોવાથી જામીન આપવા જોઇએ નહીં

।(એજન્સી) અમદાવાદ, તા.૧૭।

વહેલાલના પ્રાચીન સ્વામિનારાયણ મંદિરમાંથી ઘનશ્યામ મહારાજની ૨૨૫ વર્ષ જૂની પાદુકાની ચોરી પ્રકરણમાં ઝડપાયેલા બે આરોપીની જામીન અરજી નીચલી કોર્ટે ફગાવ્યા બાદ સેશન્સ કોર્ટમાં એક આરોપીએ જામીન અરજી કરી હતી. જોકે, સેશન્સ કોર્ટે પણ આકરા વલણ સાથે જામીન અરજી ફગાવી દીધી છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો ગુનો છે, પાદુકા હજુ કબજે કરાઈ નથી, તપાસ જારી છે ત્યારે આવા કેસમાં આરોપીઓને જામીન પર મુક્ત કરવા ન્યાયોચિત જણાતું નથી. નોંધનીય છે કે, જામીન અરજી સામે ફરિયાદ પક્ષે વાંધા અરજી કરતા જણાવ્યું હતું કે, આરોપીઓ સામે સ્વામિનારાયણ મંદિરમાંથી ભગવાનની છબી તથા પાદુકા ચોરી કરવાનો આક્ષેપ છે, આ મંદિરમાં સંખ્યાબંધ લોકો શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે, આરોપીઓના કૃત્યને કારણે લોકોની શ્રદ્ધા અને આસ્થાને ઠેસ પહોંચી છે, અમૂલ્ય પાદુકાની ચોરી કરી હોવાથી જામીન આપવા જોઈએ નહીં. વહેલાલ ગામમાં ૩૦ જૂન ૨૦૨૫ના રોજ મંદિરમાં બપોરે બે વ્યક્તિ ઘૂસ્યા હતા અને ૨૨૫ વર્ષ પૂર્વે ઘનશ્યામ મહારાજે આપેલી પવિત્ર પાદુકા ચોરી પલાયન થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે તપાસ કરી કરણ રોહિતભાઈ ગાંધી અને નિશિથ અજયભાઈ સિદ્ધપુરાને ઝડપી લઈ કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં બન્ને આરોપીએ નીચલી કોર્ટમાં જામીન અરજી કરી હતી. જોકે, કોર્ટે આકરું વલણ અપનાવી બન્ને આરોપીઓના જામીન ફગાવી જેલમાં મોકલી આપ્યા હતા. બીજી તરફ બન્ને આરોપી પૈકી કરણ ગાંધીએ જેલમાંથી નિર્દોષ હોવા સહિતના મુદ્દા રજૂ કરી સેશન્સ કોર્ટમાં જામીન માગ્યા હતા. જામીન અરજી સામે ફરિયાદી વસંતભાઈ પટેલ તરફે એડવોકેટ ક્રિનલ પટેલ અને કેવિન પેટેલે વાંધા અરજી રજૂ કરી હતી. ઉપરાંત મુખ્ય સરકારી વકીલ પ્રવિણ ત્રિવેદીએ રજૂઆત કરી હતી કે, ગંભીર પ્રકારનો ગુનો છે, અમૂલ્ય ગણાતી પાદુકાની ચોરી આરોપીઓએ ધોળા દિવસે કરી છે, હજુ આરોપીઓ પાદુકા ક્યાં છે તે જણાવી રહ્યાં નથી, આરોપીઓને સાક્ષીએ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યા છે, આરોપીઓને જામીન આપવામાં આવે તો તે અમૂલ્ય ગણાતી પાદુકા સગેવગે કરે તેવી શક્યતા છે, આ મામલે હજુ તપાસ જારી છે, આરોપીઓને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડાં કરે અથવા સાક્ષી ફોડે તેવી શક્યતા છે ત્યારે આરોપીઓના જામીન રદ કરવા જોઈએ. બન્ને પક્ષે સુનાવણી પૂર્ણ થતા સેશન્સ કોર્ટે પણ આરોપીના જામીન ફગાવી દીધા છે.